અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ જાન્યુઆરી ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર વદ અગિયારસ | અંક : ૧૫૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### નવા વર્ષે ઈસરોએ ઈતિહાસ રચી દીધો । પ્રથમ સોલાર ઓબ્ઝર્વેટરીનું અંતર પૃથ્વીથી ૧૫ લાખ કિમી

# આદિત્ય-એલ૧ લેગ્રેન્જ પોઈન્ટના હેલો ઓર્બિટમાં દાખલ થયું

। નવી દિલ્હી, તા.૬ ।

ઈસરોએ નવા વર્ષે ઈતિહાસ રચી દીધો છે. આદિત્ય-એલ૧ લેગ્રેન્જ પોઈન્ટના હેલો ઓર્બિટમાં દાખલ થયું છે. ભારતના પ્રથમ સોલાર ઓબ્ઝર્વેટરી (સૌર વેધશાળા)નું અંતર પૃથ્વીથી ૧૫ લાખ કિમી છે. ૨ સપ્ટેમ્બર ૨૦૨૩માં શરૂ થયેલી આદિત્ય-L1ની સફર પૂરી થઈ છે. ૪૦૦ કરોડનું આ મિશન હવે ભારત સહિત સમગ્ર વિશ્વના ઉપગ્રહોને સોલાર સ્ટોર્મથી સુરક્ષિત કરશે. હવે આદિત્ય-L1 સૂર્યનો અભ્યાસ કરી રહેલા નાસાના ચાર ઉપગ્રહના સમૂહમાં જોડાયું છે. આ ઉપગ્રહ વિન્ડ, એડવાન્સ કમ્પોઝિશન એક્સપ્લોર (એસીઈ) ડીપ સ્પેસ ક્લાઈમેટ ઓબ્ઝર્વેટરી (ડીએસકવર) અને નાસા-ઈજીછના સંયુક્ત મિશન સોહો એટલે કે,સૌર એન્ડ હેલીઓસ્ફેરિક ઓબ્ઝર્વેટરી છે. આદિત્ય-L1 એ સૂર્યનો અભ્યાસ કરવા માટે અવકાશમાં સ્થાપ વામાં આવેલી પ્રથમ ભારતીય વેધશાળા છે. ગયા વર્ષે ૨ સપ્ટેમ્બરના રોજ ધ્રુવીય સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (પીએસએલવી-સીપ૭) એ આદિત્ય સાથે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ઉડાન ભરી હતી. પીએસએલવીએ તેને ૨૩૫ ૧૯,૫૦૦ કિમીની ભ્રમણકક્ષામાંસ્થાપિત કર્યું હતું. ત્યારબાદ તબક્કાવાર રીતે ભ્રમણકક્ષામાં ફેરફાર કરીને આદિત્યને પૃથ્વીના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રની બહાર લઈ જવામાં આવ્યો હતો. તેના બાદ ક્રૂઝનો તબક્કો શરૂ થયો અને આદિત્ય ¬૧ તરફ આગળ વધી રહ્યો છે.




# ૨૦૨૩-૨૪માં દેશની અર્થવ્યવસ્થામાં ૭.૩ ટકાના દરે વૃદ્ધિનું અનુમાન

## દેશની જીડીપી વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૧૭૧.૭૯ લાખ કરોડ રહી શકે છે, જે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા ૧૬૦.૬૬ લાખ કરોડ રૂપિયા હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

સરકારે જીડીપી બાબતે આગોતરા અંદાજ જાહેર કર્યા છે. જેમાં અનુમાન લગાવ્યા છે કે દેશ અર્થવ્યવસ્થામાં ભવિષ્યમાં પણ વૃદ્ધિ કરતો રહેશે જ. સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસ (સીએસઓ) એ શુક્રવારે વાર્ષિક જીડીપી વૃદ્ધિનો પ્રથમ એડવાન્સ અંદાજ જાહેર કર્યો હતો. આ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશની અર્થવ્યવસ્થા ૭.૩ ટકાના દરે વૃદ્ધિ કરશે. જીડીપીનો એડવાન્સ અંદાજ ડેટા જાહેર કરતા સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસે જણાવ્યું હતું કે દેશની જીડીપી ૨૦૨૩-૨૪માં રૂ. ૧૭૧.૭૯ લાખ કરોડ રહી શકે છે, જે ૨૦૨૨-૨૩માં રૂ. ૧૬૦.૬૬ લાખ કરોડ રૂ હતી. આનો અર્થ એ થયો કે વર્તમાન નાણાકીય વર્ષમાં જીડીપીમાં ૭.૩ ટકાનો વૃદ્ધિ દર જોવા મળશે, જે ૨૦૨૨-૨૩માં ૭.૨ ટકા જોવા મળ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે જીડીપીનો પ્રોવિઝનલ અંદાજ ૩૧ મે, ૨૦૨૩ ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે ગત નાણાકીય વર્ષમાં તે ૭.૨ ટકા હતો. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં વર્તમાન કિંમતો પર જીડીપી રૂ. ૨૯૬.૫૮ લાખ કરોડ હોવાનો અંદાજ છે, જ્યારે ૩૧ મે, ૨૦૨૩ના રોજ જાહેર કરાયેલા વર્ષ ૨૦૨૨-૨૩ માટેના કામચલાઉ અંદાજ મુજબ, જીડીપી રૂ. ૨૭૨.૪૧ લાખ કરોડ હતી. તાજેતરની નાણાકીય નીતિ સમીક્ષામાં, ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) એ ૨૦૨૩-૨૪ માટે જીડીપી વૃદ્ધિ દર ૬.૫ ટકાથી વધારીને ૭ ટકા કર્યો હતો. હવે સરકારે દેશના જીડીપી ગ્રોથનો અંદાજ રિઝર્વ બેંક કરતા વધારે મુક્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રાષ્ટ્રીય આવકનો પ્રથમ આગોતરો અંદાજ બહાર પાડતા, એનએસઓએ જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષમાં, ૨૦૧૧-૧૨ના સ્થિર ભાવે વાસ્તવિક જીડીપી રૂ. ૧૭૧.૭૯ લાખ કરોડના સ્તરે પહોંચવાનો અંદાજ છે.

### ચૂંટણી ટાણે જ બાંગ્લાદેશમાં હિંસા

# ઢાકામાં ટ્રેનને આગ ચાંપતા પાંચનાં મોત

## બાંગ્લાદેશની હિંસામાં ઘણા લોકો ઘાયલ થયા, માહિતી મળતાં જ ફાયર બ્રિગેડની ૭ ગાડીઓ ઘટનાસ્થળે રવાના



। (એજન્સી) ઢાકા, તા.૬ ।

ચૂંટણી ટાણે જ બાંગ્લાદેશમાં હિંસા ભડકી છે. રાજધાની ઢાકામાં શુક્રવારે રાત્રે બદમાશોએ એક ટ્રેનને આગ ચાંપી દીધી હતી જેમાં પાંચ લોકો મૃત્યુ પામ્યાના અહેવાલ મળી રહ્યા છે. જ્યારે આ હિંસામાં ઘણા લોકો ઘાયલ થયાની પણ માહિતી છે. ઘટના રાત્રે ૯.૦૫ કલાકે બની હતી જેની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડની ૭ ગાડીઓ ઘટનાસ્થળે રવાના થઈ ગઈ હતી. બાંગ્લાદેશમાં ૭ જાન્યુઆરીએ સામાન્ય ચૂંટણી માટે મતદાન થવાનું છે. વડાપ્રધાન શેખ હસીના આ વખતે પણ દાવેદાર છે. ઘટના બાદ એક નિવેદન જારી કરીને વિદેશ મંત્રાલયે કહ્યું કે ઘટનાનો સમય સ્પષ્ટ કરે છે કે ચૂંટણીનો વિરોધ કરી રહેલા લોકો કોઈપણ રીતે લોકતાંત્રિક પ્રક્રિયાને ખલેલ પહોંચાડવા માંગે છે. દરમિયાન ઢાકા પોલીસ કમિશનર મોઈનુદ્દીને કહ્યું કે આ એવા લોકોની કાર્યવાહી છે જેઓ બાંગ્લાદેશમાં શાંતિપૂર્ણ ચૂંટણી નથી ઈચ્છતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ચૂંટણી પહેલા જાણી જોઈને હિંસા કરવામાં આવી છે જેથી અશાંતિ ફેલાઈ શકે. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર ટ્રેનમાં કેટલાક ભારતીય મુસાફરો પણ સવાર હતા. આ ટ્રેન પશ્ચિમી શહેર જેસોરથી ઢાકા જઈ રહી હતી. બદમાશોએ પહેલા એક કોચમાં આગ લગાવી પરંતુ ધીરે ધીરે આગ ૫ કોચ સુધી ફેલાઈ ગઈ હતી. અગાઉ ૧૯ ડિસેમ્બરે એક ટ્રેનમાં આગ લાગી હતી જેમાં ૪ લોકોના મોત થયા હતા.

આ વખતે વિપક્ષે ચૂંટણીનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. આવી સ્થિતિમાં શેખ હસીના સતત પાંચમી વખત સત્તાના દ્વારા સુધી સરળતાથી પહોંચી શકશે. શેખ હસીના ૨૦૦૯થી દેશના પીએમ છે. માહિતી અનુસાર બાંગ્લાદેશમાં કુલ ૩૫૦ સીટો છે. જેમાં ૫૦ બેઠકો મહિલાઓ માટે અનામત છે. બાંગ્લાદેશની સંસદને હાઉસ ઓફ નેશન પણ કહેવામાં આવે છે.




### રાજસ્થાનમાં એક મોટી ટ્રેન દુર્ઘટના ટળી ગઈ

# કોટા જંકશન પર ટ્રેન પાટા પરથી ઊતરી ગઈ, મુસાફરોમાં ગભરાટ

। (એજન્સી) કોટા, તા.૬ ।

રાજસ્થાનમાં એક મોટી ટ્રેન દુર્ઘટના ટળી ગઈ છે. કોટા જંકશન પાસે એક ટ્રેન અચાનક પાટા પરથી ઉતરી ગઈ, જેના કારણે મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. માહિતી મળતા જ નજીકના રેલવે સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું. જો કે હજુ સુધી અકસ્માતનું કારણ જાણવા મળ્યું નથી. આ ઘટના રાજસ્થાનના કોટા જંકશન રેલવે સ્ટેશન પાસે બની હતી. જોધપુર-ભોપાલ પેસેન્જર ટ્રેનના બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા.







### રાશન વિતરણ કૌભાડમાં શંકર આધ્યાની ધરપકડ થઈ

। (એજન્સી) કોલકાતા, તા.૬ ।

પશ્ચિમ બંગાળમાં ઈડીએ મોટી કાર્યવાહી કરતા કથિત રાશન વિતરણ કૌભાડમાં શંકર આધ્યાની ધરપકડ કરી છે. આ પહેલા ઈડીએ તેમના સસરાના ઘરે દરોડા પાડ્યા હતા ત્યારે રોકડ ભરેલો કબાટ મળી આવ્યો હતો અને રકમને રિકવર કરી હતી. પશ્ચિમ બંગાળમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ કથિત રાશન વિતરણ કૌભાંડમાં આજે સવારે બોનગાંવ નગરપાલિકાના પૂર્વ અધ્યક્ષ શંકર આધ્યાની ધરપકડ કરી છે. આ પહેલા ગઈકાલે આ કેસમાં શંકર આધ્યા અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના નેતા શેખ શાહજહાંના ઘર પર ઈડી અધિકારીઓ જ્યારે દરોડા પાડવા જઈ રહ્યા હતા.



# અમદાવાદ GMDC ગ્રાઉન્ડ ખાતે નેશનલ બુકફેરનું આયોજન

## બુકફેરમાં ૬૫ જેટલા પુસ્તક પ્રકાશકોના ૧૪૦થી વધુ બુક સ્ટોલ પર ઇતિહાસ, કલા સ્થાપત્ય, બાળ સાહિત્ય, વિજ્ઞાન, ફિલોસોફી સહિત લાખો પુસ્તકો પ્રદર્શન









। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૬ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત નવમા વાઈબ્રન્ટ અમદાવાદ નેશનલ બુક ફેર-૨૦૨૪નું ઉદઘાટન કર્યું હતું. ઉદઘાટન બાદ મુખ્યમંત્રીએ પુસ્તક પરબ સહિત વિવિધ પ્રકાશકોના સ્ટોલની મુલાકાત લીધી હતી. શ્રીમદ્ ભગવદ્ ગીતા અને રામાયણ સહિતનાં પુસ્તકોની ખરીદી કરી હતી.

જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ૬થી ૧૨ જાન્યુઆરી દરમિયાન બુકફેરનો સમય દરરોજ બપોરે ૧૨થી રાત્રે ૧૦ વાગ્યા સુધીનો રહેશે ઉલ્લેખનીય છે કે, સાત દિવસ સુધી ચાલનારા બુકફેરમાં દેશભરના ૬૫ જેટલા પુસ્તક પ્રકાશકોના ૧૪૦થી વધુ બુક સ્ટોલ્સ પર ઈતિહાસ, સંસ્કૃત, કલા સ્થાપત્ય, બાળ સાહિત્ય, ધર્મ-અધ્યાત્મ, વિજ્ઞાન, ફિલોસોફી સહિત અનેકવિધ વિષયો પરનાં લાખો પુસ્તકો પ્રદર્શન સહ વેચાણ અર્થે ઉપલબ્ધ છે. વાંચકો પોતે વાંચેલાં પુસ્તકોને પુસ્તક પરબ પર દાન કરી શકશે તથા અન્ય વાંચકોએ આપેલાં પુસ્તકો વાંચવા માટે મેળવી શકશે.

બુકફેરની સાથોસાથ યોજાનાર દૈનિક સાહિત્યિક પ્રવૃત્તિઓમાં સાહિત્ય સપ્તાહ, ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલ, જ્ઞાનગંગા વર્કશોપ, કવિ સંમેલન, મુશાયરા, ટોક શો સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાહિત્ય સપ્તાહ અંતર્ગત કલા અને સાહિત્ય ક્ષેત્રના મહાનુભાવો, યુવા કવિઓ-સર્જકોનાં વક્તવ્યો, રસપ્રદ સાહિત્યિક ચર્ચાઓ, કાવ્યપઠન સહિત સંગીતના કાર્યક્રમો યોજાશે. જ્ઞાનગંગા વર્કશોપમાં યુવાઓ માટે લેખન કૌશલ્ય વિકસાવવાના ઉદ્દેશ સાથે દરરોજ અલગ-અલગ વિષય પર બપોરે ૧૨થી ૩ દરમિયાન વર્કશોપ યોજાશે. મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના વિદ્યાર્થીઓના 'વેસ્ટમાંથી બેસ્ટ' બનાવવાના કૌશલ્યનું નિદર્શન કરતા ખાસ પ્રદર્શનનો એક સ્ટોલ પણ બુકફેરમાં બનાવવામાં આવ્યો છે.

## ન્યુઝ બોક્ષ

### વડોદરામાં સસ્તું ઘી લેવાની લાલચ પાંચ લાખ રૂપિયામાં પડી

। વડોદરા, તા.૬ ।

એક કહેવત છે કે, લાલચ એ બુરી બલા છે, એટલે કે વધુ પડતી તમારી લાલચ તમારૂ મોટુ નુકસાન પહોંચાડી શકે છે. તેવી એક ઘટના વડોદરાથી સામે આવી છે, જ્યાં પરિવારે ઘીની લાલચે ઘરેણા ગુમાવ્યા છે. પરિવારને સસ્તું ઘી લેવાની લાલચ પાંચ લાખ રૂપિયામાં પડી છે. અત્રે જણાવીએ કે, ભાયલી વિસ્તારમાં ઘી વેચવા આવેલી મહિલાએ ૫ લાખના ઘરેણાની ચોરી કરી છે. ૩૦ ડિસેમ્બરે ૩ મહિલાઓ ઘરે આવી સસ્તુ ઘી વેચ્યું હતું. જેઓ બીજા દિવસે દુધ લાવી ઘરમાંથી ૫ લાખના ઘરેણા અને રોકડ લઈ ફરાર થઈ હતી. જે સમગ્ર ઘટના અંગેની તપાસમાં સોસાયટીના ઝઝૂફ ચેક કરતા માલૂમ થયો હતો કે, ઘી વેચવા ફરી રહેલી મહિલા ચોરી કરી છે. મહિલાએ તાંત્રિકવિધિ કરતાં જાતે ઘરેણા સોંપી દીધાનો પરિવારે આક્ષેપ કર્યો છે. જો કે, આ ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. સાથો સાથ આવી ઘટનાઓને પગલે શહેરની સોસાયટીઓમાં સઘન સુરક્ષાઓ પણ ગોઠવવામાં આવી રહી છે.

### બોટાદમાં હેડ કોન્સ્ટેબલ તો સુરતમાં યુવાનનું મોત થયું

। અમદાવાદ, તા.૬ ।

ગુજરાતમાં એક પછી એક યુવાનોના હૃદય બંધ પડી રહ્યા છે. ત્યારે આજે પણ વધુ બે યુવાનોના હાર્ટ એટેકના કારણે મોત થયા છે. પ્રથમ ઘટના ગઢડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોસ્ટબલનું હાર્ટ એટેકથી મોત થયું છે, જ્યારે બીજી ઘટના સુરતમાં L&T કંપનીના ૪૦ વર્ષીય કર્મચારીનું હાર્ટ એટેકના કારણે હૃદય બંધ પડ્યું છે. આજકાલ લોકો જે પ્રકારની જીવનશૈલી જીવી રહ્યા છે. તેની અસર હૃદય પર પડી રહી છે અને હાર્ટ એટેક જેવી જીવલેણ બીમારીઓ ઝડપથી વધી રહી છે. ગઢડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોસ્ટબલનું મોત ગઢડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોસ્ટબલનું હાર્ટ એટેકથી મોત થતા પોલીસ બેડામાં શોકનો માહોલ ફરી વળ્યો છે. હરપાલસિંહ ગોવિદસિંહ સોલંકી ઉવ.આશરે ૩૨નું મોડી રાત્રે મોત થયું હતું. ગઢડાથી નોકરી પુરી કરી હેડ કોસ્ટબલ બોટાદ પોતાના ઘરે આવેલ. રાત્રી દરમ્યાન છાતીમાં દુઃખાવો થતા સારવાર માટે હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમ્યાન મોત થયું હતું. તેમના મોતથી બોટાદ જિલ્લાનાં પોલીસ બેડામાં શોકનો માહોલ છે. બીજી ઘટના સુરતમાં બની છે. સુરતમાં L&T કંપનીના ૪૦ વર્ષીય કર્મચારીનું હાર્ટ એટેકથી મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છે. ધવલ દેસાઈ સિનિયર ઈલેક્ટ્રિકલ તરીકે નોકરી કરતા હતા. ધવલને કંપનીમાં જ અચાનક છાતીમાં દુઃખાવો થયો હતો.

### "ખૂબ પઢો, ખૂબ આગે બઢો" : રણમાં પ્રવાસે આવેલા બાળકો સાથે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ વાર્તાલાપ કર્યો



। (માહિતી) ભુજ, તા.૬ ।

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવીજી ધોરડો ખાતે સફેદ રણની મુલાકાતે પધાર્યા છે. ઢળતી સાંજે સનસેટ પોઈન્ટ પર તેઓ સફેદ રણની શ્વેતવર્ણી ધરતી પર સુર્યાસ્તની સોનેરી આભા પથરાતી નિહાળીને રોમાંચિત થયા હતા. રણમાં તેમણે કચ્છી પરંપરાગત ઊંટગાડીની સવારી પણ કરી હતી. રાજ્યપાલશ્રીએ રણોત્સવમાં તાજેતરમાં શરૂ થયેલો કચ્છના ભવ્ય ઈતિહાસ અને સંસ્કૃતિની ઝાંખી કરવાતો લાઈટ એન્ડ સાઉન્ડ શૉ પણ નિહાળ્યો હતો. લાઈટ એન્ડ સાઉન્ડ શૉ થકી રાજ્યપાલશ્રી કચ્છના ખંત, ખમીર, શૂરાતન અને કલાથી છલકતા અતિત અને વર્તમાનના સાક્ષી બન્યા હતા. રણમાં ઉપસ્થિત પ્રવાસીઓ અને ખાસ કરીને બાળકોને મળીને રાજ્યપાલશ્રીએ તેમની સાથે વાર્તાલાપ કર્યો હતો. આ વાર્તાલાપ દરમિયાન તેમણે બાળકોને "ખૂબ પઢો, ખૂબ આગે બઢો" એવી શુભકામનાઓ પાઠવી હતી. કચ્છના રણની મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ ધોરડો ગામના સરપંચશ્રી મિયાં હુસેન સાથે વાતચીત કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન સાથે આ રણ ભૂમિ કેવી રીતે વિશ્વ પ્રવાસન સ્થળ બન્યું તેની માહિતી મેળવી હતી. મિયાં હુસેને તેમને માહિતી આપતાં જણાવ્યું હતું કે, એક સમય એવો હતો કે અમે આ ગામ ખાલી કરીને જવાનું વિચારતા હતા અને આજે સફેદ રણ અને રણોત્સવના કારણે આખી દુનિયા અહીં આવે છે. આ રણ વિસ્તાર કેવી રીતે તબક્કાવાર વિશ્વ પ્રવાસનના મહત્ત્વનાં કેન્દ્ર તરીકે ઉભરી આવ્યો અને આ વિસ્તાર સહિત સમગ્ર કચ્છના કલાકારોને રાજગારી પણ મળી વગેરે વાત કરી હતી.

### ઉપલેટામાં ખંડણી ન આપતાં યુવક પર જીવલેણ હથિયારથી હુમલો

। રાજકોટ, તા.૬ ।

રાજકોટના ઉપલેટામાં ખંડણી માંગી યુવક પર હુમલાની ઘટના બની હોવાનુ સામે આવ્યું છે. ઉપલેટામાં યુવકે ખંડણી ન આપતાં હુમલો કર્યાનો આરોપ લગાવ્યો હતો. ઉપલેટામાં રહેતા મક્કી હાજી અદ્રેમાન શિવાણી નામના યુવક પર જાહેર રસ્તા પર હુમલો થયો હતો. બાઈક પર જઈ રહેલા યુવક પર ઉપલેટાના પોસ્ટ ઓફિસ પાસે ટીવીએસના શો રૂમ નજીક હુમલાની ઘટના બની હોવાનું યુવકે જણાવ્યું હતું. યુવક ઉપર ત્રણ શખ્સોએ હુમલો કર્યાનો ઈજાગ્રસ્ત યુવકનો આક્ષેપ છે. યુવક પર ઘાતક હથિયારો વડે હુમલો કરવામાં આવ્યા હોવાનું ઈજાગ્રસ્ત યુવકે જણાવ્યું હતું. હુમલાની ઘટના બાદ આગેવાનો અગ્રણીઓ તેમજ પોલીસ સ્ટાફ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે આ મુદે વધુ તપાસ શરૂ કરી છે. જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકા ના ઘેલડા ગામમાં રહેતી એક પરણીતાને પરાયા પુરુષ સાથે પ્રેમ કરવો ભારે પડયો હતો. પ્રેમી નો પુત્ર બંને ને મોડી રાત્રે મળતાં જોઈ જતાં તેણે મહિલા પર લાકડાના ધોકા વડે હુમલો કરી હાથ પગ ભાંગ્યા હતા, જયારે માથામાં ધોકો ફટકાર્યો હોવાથી ૧૨ ટાંકા લેવા પડયા હતા. આ હુમલાના બનાવની વિગત એવી છે કે જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ઘેલડા ગામમાં રહેતી અને ખેતી કામ કરતી ૩૮ વર્ષની સગર જ્ઞાતિની એક પરણિતાએ પોતાના માથા પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડવા અંગે તેમજ હાથ પગમાં પણ લાકડાના ધોકા વડે માર મારી ઈજા પહોંચાડવા અંગે ઘેલડા ગામમાં રહેતા અશ્વિન અરજણભાઈ શિર નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી, હુમલામાં મહિલાને માથામાં ગંભીર ઈજા થઈ હોવાથી ૧૨ ટાંકા લેવા પડ્યા હતા.

### અમદાવાદ શહેરમાં ફરી એકવાર છેતરપિંડીનો કિસ્સા સામે આવ્યો

# ટોરેન્ટ પાવરના નકલી અધિકારીએ મહિલાને ઠગી

### એક નકલી ઓફિસરે વૃદ્ધ મહિલાને પોતાની જાળમા ફસાવીને બેન્ક એકાઉન્ટમાંથી ૬ લાખ રૂપિયા ઉપાડી લેતા ચકચાર મચી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદમાંથી એક મોટી છેતરપિંડીની ઘટના સામે આવી છે, શહેરના નવરંગપુરા વિસ્તારમાંથી એક વૃદ્ધ મહિલા સાથે છેતરપિંડી થયાની ઘટના ઘટી છે. એક નકલી ઓફિસરે વૃદ્ધ મહિલાને પોતાની જાળમા ફસાવીને બેક્ક એકાઉન્ટમાંથી ૬ લાખ રૂપિયા ઉપાડી લેતા ચકચાર મચી છે, હાલમાં આ ઘટના અંગે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે અને તપાસ ચાલુ છે. મળતી માહિતી પ્રમાણે, અમદાવાદ શહેરમાં ફરી એકવાર છેતરપિંડી અને ફ્રૉડના કિસ્સા વધતા હોવાનું સામે આવ્યુ છે.

શહેરના નવરંગપુરા વિસ્તારમાં એક વૃદ્ધ મહિલા પાસેથી એક ગઠીયાએ ૬ લાખની છેતરપિંડી કરી છે, ખરેખરમાં વાત એમ છે કે, નવરંગપુરાની ૬૨ વર્ષીય મહિલાને એક અજાણી વ્યક્તિ મળ્યો હતો, જેને પોતાની ઓળખ ટૉરેન્ટ પાવરના અધિકારી તરીકે આપી હતી, બાદમાં આ નકલી ટૉરેન્ટ પાવરના અધિકારીએ વૃદ્ધ મહિલાને વૉટ્સએપ કૉલ મારફતે ઠગી હતી. વૉટ્સએપ કૉલ કરીને તેને મહિલાના મોબાઈલનો એક્સેસ મેળવી લીધો હતો, મહિલાના ખાતામાંથી પર્સનલ લૉન એપ્રૂવ કરાવીને આ તમામ રૂપિયા ૬ લાખ તેને મહિલાના બેક્ક ખાતામાંથી ટ્રાન્સફર કરી લીધા હતા. જ્યારે વૃદ્ધ મહિલાને જાણ થઈ કે તેની સાથે ફ્રૉડ થયુ છે ત્યારે મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે કરોડપતિ ચોરની ધરપકડ કરી હતી. હિતેષ જૈન નામના આરોપી પાસે ૩૦થી વધુ ચોરેલી એક્ટિવા મળી આવી હતી. હિતેષે ચોરી કરેલી આ એક્ટિવા પિરાણા પાસેના ખુલ્લા મેદાનમાં પાર્ક કરી હતી. પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે હિતેષ જૈન કરોડો રૂપિયાનો માલિક છે. આરોપી પાસે બે મકાન છે જેમાંથી એક મકાનની કિંમત એક કરોડ ૨૦ લાખ છે જ્યારે બીજા મકાનની કિંમત ૮૦ લાખ રૂપિયા છે. હિતેષ એકથી બીજા સ્થળે જવા માટે ડુપ્લિકેટ ચાવીની મદદથી એક્ટિવાની ચોરી કરતો હતો. બાદમાં તેના સ્પેર પાર્ટ્સને વેચી મારતો હતો. અગાઉ પણ ૧૦૦થી વધુ ચોરેલી એક્ટિવા સાથે તેની ધરપકડ કરાઈ હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમે માહિતીના આધારે દાણીલીમડા પીરાણા સાઈટ પાસે એક ખુલ્લા મેદાનમાંથી હિતેષ જૈન નામનાં યુવકને જથ્થાબંધ એક્ટીવા સાથે પકડી પાડ્યો હતો. આરોપી શાહીબાગ વિસ્તારમાં બે મકાન ધરાવે છે જેમાં એક મકાનની કિંમત ૧ કરોડ ૨૦ લાખ આસપાસ છે જ્યારે અન્ય મકાનની ૮૦ લાખ આસપાસ થાય છે. છતાં પણ તેને ફરવા માટે વાહનની જરૂર હોય અને તે કોઈ કામધંધો કરતો ન હોવાથી જ્યાં એક્ટીવા દેખાય ત્યાંથી ડુપ્લીકેટ ચાવીથી એક્ટીવા ચોરી કરતો અને ફરતો હતો.

ક્રાઈમ બ્રાંચે તેના કબ્જામાંથી ૩૦ એક્ટીવા કબ્જે કરી છે જે તેણે અમદાવાદ, ગાંધીનગર સહિતના અલગ અલગ વિસ્તારોમાંથી ચોરી કરી હતી. પકડાયેલો આરોપી વર્ષ ૨૦૧૬ થી વાહન ચોરીની વૃત્તિ સાથે જોડાયેલો છે. તેને એક મકાનનું દર મહિને ૧૨ હજાર રૂપિયા ભાડુ પણ આવે છે છતાં તે આ ગુના આચરતો હતો. અગાઉ તે ૧૦૦ થી વધુ એક્ટીવા ચોરીના ગુનામાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ઝડપાઈ ચૂક્યો છે. જોકે જેલમાંથી છૂટ્યા બાદ ફરી તે આ જ કામ શરૂ કરી દેતો. માત્ર ૩ મિનિટમાં આ આરોપી કોઈ પણ એક્ટીવાને ચોરી કરી ફરાર થઈ જતો હતો.

## વિશેષ

### તાપી જિલ્લાની વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ભવ્ય સમાપન

# ઉચામાળા પ્રા.શાળા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવાના અધ્યક્ષસ્થાને અને ધારાસભ્ય મોહનભાઇ કોંકણીની વિશેષ ઉપસ્થિતીમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો ભવ્ય સમાપન કાર્યક્રમ યોજાયો







વ્યારા તાલુકાના અને સમગ્ર તાપી જિલ્લાની વિકસિત ભારત સંકલ્પ યાત્રાના અંતિમ દિવસે વ્યારા તાલુકાના ઉંચામાળા ગામે ભવ્ય સમાપન સમારોહ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવાના અધ્યક્ષસ્થાને અને ધારાસભ્યશ્રી મોહનભાઈ કોંકણીની વિશેષ ઉપસ્થિતીમાં યોજાયો હતો. આ સાથે નવમા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ સહિત પીએમ જનમન અભિયાન અંતર્ગત જનજાગૃતિ કેમ્પ નું આયોજન પણ જ્ઞાનદિપ હાઈસ્કુલ ઉંચામાળા ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવાએ પ્રાસંગિક ઉદ્બોધન કરતા સ્થાનિક બોલીમાં જણાવ્યું હતું કે, ભારત સરકારના વિવિધ વિભાગો દ્વારા લોક કલ્યાણકારી યોજનાઓના સુચારુ સંચાલન દ્વારા છેવાડાનાં માણસને યોજનાકીય લાભ પહોંચાડવાનું કામ વિકસિત ભારત સંકલ્પ યાત્રા હેટ હેઠળ તાપી જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારે વિકસિત ભારત સંકલ્પ યાત્રા સહિત સેવાસેતુ અને જનમનમાં આદિમજુથના નાગરિકોને યોજનાઓનો મહત્તમ લાભ લેવા પ્રમુખશ્રીએ ગ્રામજનોને અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી મોહનભાઈ કોંકણીએ પ્રાસંગિક સંબોધન કરતા જણાવ્યું હતું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાની આજે પૂર્ણાહુતી કાર્યક્રમ છે ત્યારે આજે આપણે સૌ જિલ્લા તંત્રના આયોજનને બીરદાવવું જોઈએ. જેઓના અથાગ પ્રયત્ન થકી અનેક નાગરિકોને યાત્રા દરમિયાન વિવિધ યોજનાના લાભો વિતરણ કરાયા છે. ધારાસભ્યશ્રીએ વધુમાં ઉમેર્યુ હતું કે, વડાપ્રધાનશ્રીને દેશના ગરીબ અને વંચિત નાગરિકોની ચીંતા છે. તેમને ખબર છે કે ગરીબ લોકોને કઈ કઈ તકલીફો સહન કરવી પડે છે તેથી તેમણે આવાસ યોજના, આયુષ્માન ભારત કાર્ડ,અન્ન યોજના, ઉજ્જ્વલા યોજના જેવી અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. જેથી આપણે યોજનાઓ અંગે જાગૃત બની લાભ લઈએ અને આર્થીક સામાજીક રીતે આગળ વધીએ એમ સૌને અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું ઉદબોધન વર્ચ્યુલી નિહાળ્યું હતું. આ સાથે 'મેરી કહાની મેરી ઝુબાની' અંતર્ગત પોષણ અભિયાન, પીએમ કિશાન યોજના, આયુષ્માન ભારત કાર્ડ જેવી વિવિધ યોજનાના લાભાર્થીઓએ પોતાની સાફલ્યગાથા વર્ણવી હતી. આ ઉપરાંત મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાના લાભાર્થીઓને સાધન સહાય, ચેક તથા કિટ વિતરણ કરી લાભાન્વિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ વિકસિત ભારત અંગેની શપથ ગ્રહણ કરી હતી. કાર્યક્રમમાં સેવાસેતુને લગતી કામગીરી સાથે જનમન અભિયાન હેઠળ વિવિધ યોજનાના સ્ટોલ,આંગણવાડી કેન્દ્ર દ્વારા પોષ્ટીક વાનગી નિદર્શન તથા મેડિલક હેલ્થ કેમ્પનું સુદ્રઢ આયોજન જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાથમિક શાળા ઉચામાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના ગીત,અભિનય ગીત તથા મનભાવક સ્વાગત ગીત રજુ કર્યું હતું. સખી મંડળની બહેનો દ્વારા આદિવાસી નૃત્ય રજુ કરાયું હતું. આ ઉપરાંત 'ધરતી કહે પુકાર કે' થીમ ઉપર પ્રાકૃતિક ખેતી અપનાવવા નુક્કડ નાટક પ્રસ્તુત કર્યું હતું. મહેમાનોએ બાળકો અને બહેનોને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં મામલતદારશ્રી એચ જે.સોલંકી, તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ, વિવિધ સમિતિઓના સદસ્યો, વિવિધ ગ્રામપંચાયતના સરપંચશ્રી, તેમજ સંબધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ તથા ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સોમાલિયામાં હાઇજેક જહાજમાંથી ૧૫ ભારતીયોને બચાવ્યા

## શુક્રવારે સવારે, ક્રૂની સલામતીની ખાતરી કરીને જહાજ સાથે સંપર્ક સ્થાપિત કરવામાં આવ્યો અને પછી આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી

। (જી.એન.એસ),તા.૬ ।

મધ દરિયે નેવીના માર્કોસ કમાન્ડોએ ચાંચિયાઓ પર હુમલો કર્યો અને સોમાલિયાના દરિયાકાંઠે હાઈજેક કરાયેલા જહાજમાંથી ૧૫ ભારતીયોને બચાવી લેવામાં આવ્યા છે. ૧૫ ભારતીયો સહિત તમામ ક્રૂને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. અગાઉ એવી માહિતી મળી હતી કે ભારતીય નૌકાદળનું યુદ્ધ જહાજ આઈએનએસ ચેન્નાઈ અપહરણ કરાયેલા જહાજ એમવી લીલા નોરફોકની નજીક સોમાલિયાના કિનારે પહોંચ્યું હતું. આ સાથે યુદ્ધ જહાજે તેનું હેલિકોપ્ટર લોન્ચ કર્યું અને ચાંચિયાઓને જહાજ છોડી દેવાની ચેતવણી



આપી હતી. એવું પણ કહેવામાં આવ્યું હતું કે મરીન કમાન્ડો માર્કોસ ઓપરેશન માટે તૈયાર છે.

કમાન્ડો આવતાની સાથે જ તેઓએ હાઈજેક કરેલા જહાજની ઉપરની ડેક સાફ કરી દીધી. ભારતીય નૌસેના હેડક્વાર્ટર આ સમગ્ર ઓપરેશન પર ચાંપતી નજર રાખી રહ્યું છે. જોકે અગાઉના સૈન્ય અધિકારીઓએ **ANI**ને જણાવ્યું હતું કે યુદ્ધ જહાજ **INS** ચેન્નાઈથી ભારતીય નૌકાદળના ચુનંદા મરીન કમાન્ડો હાઈજેક કરાયેલા જહાજ એમવી લીલામાં સવાર થયા હતા અને હવે તેઓ ત્યાં કામગીરી કરવા જઈ રહ્યા છે. ઉત્તર અરબી સમુદ્રમાં એમવી લીલા નોરફોકના અપહરણ બાદ ભારતીય નૌકાદળે આ કાર્યવાહી શરૂ કરી હતી.. બીજી તરફ, સ્ફ ને મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ, પ્રિડેટર સ્ઊિ૯મ્ અને ઈન્ટિગ્રલનો ઉપયોગ કરીને સતત દેખરેખ હેઠળ રાખવામાં આવ્યું હતું. ભારતીય નૌકાદળના કમાન્ડોએ જહાજ પર જઈને કાર્યવાહી શરૂ કરી હતી. કાર્યવાહી બપોરે ૩.૧૫ વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી. આ જહાજને સોમાલિયાના કિનારે અરબી સમુદ્રમાં હાઈજેક કરવામાં આવ્યું હતું. દરિયાકિનારે હાઈજેક કરાયેલા આ જહાજ પર લાઈબેરિયાનો ધ્વજ છે. ભારતીય નૌકાદળના વિમાનો સતત જહાજ પર નજર રાખી રહ્યા છે. આ જહાજમાં સવાર ભારતીય ક્રૂ મેમ્બરો સાથે પણ વાતચીત કરવામાં આવી હતી. હાઈજેક કરાયેલા જહાજના ક્રૂમાં ૧૫ ભારતીય સભ્યો પણ સામેલ છે.

અગાઉ પણ, અધિકારીઓએ માહિતી આપી હતી કે જહાજને સોમાલિયાના ૩૦૦ નોટિકલ માઈલ પૂર્વમાં ચાંચિયાઓએ હાઈજેક કર્યું હતું, જ્યારે તે બ્રાઝિલના પોર્ટ દો અચોથી નીકળી રહ્યું હતું અને બહેરીનમાં ખલીફા બિન સલમાન જઈ રહ્યું હતું.

ભારતીય નૌકાદળે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ગુરુવારે સાંજે લગભગ પાંચથી છ અજાણ્યા સશસ્ત્ર કર્મચારીઓ તેના પર સવાર થયા હોવાના સંકેતો મળ્યા બાદ ભારતીય નૌકાદળ સક્રિય થઈ ગયું હતું. આ જહાજ પર લાઈબેરિયાનો ધ્વજ હતો. ત્યારબાદ આ કડીમાં **INS** ચેન્નાઈ મોકલવામાં આવી હતી.



મુંબઈમાં બોમ્બની ધમકીના મેલ પછી ભાયખલા પ્રાણી સંગ્રહાલયમાં કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ પ્રવેશ આપવામાં આવ્યું હતું.

### ન્યૂઝ બ્રિફ

## એમએસ ધોનીનું પહેલુ મ્યુઝિક આલ્બ ટૂંક સમયમાં રિલીઝ થશે!



। (જી.એન.એસ),તા.૬ ।

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની **(MS Dhoni)** ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ હવે માત્ર **IPL**માં જ રમતા જોવા મળે છે. જોકે આ આ દરમિયાન, સોશિયલ મીડિયા પર તેની કેટલીક તસવીરો સામે આવી છે, જેમાં તે બિગ બોસ સીઝન ૧૬ ના વિજેતા અને રેપર એમસી સ્ટેન સાથે જોવા મળે છે. જે બાદ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે તેઓ જલદી જ કોઈ પ્રોજેક્ટમાં સાથે જોવા મળી શકે છે. ધોની સોશિયલ મીડિયાનો બહુ ઓછો ઉપયોગ કરે છે, પરંતુ તેની તસવીરો અને વીડિયો ચોક્કસપણે ચર્ચાનો વિષય બને છે. ધોની જાહેરાતની દુનિયામાં ખૂબ જ લોકપ્રિય છે અને તે દરરોજ અલગ-અલગ બ્રાન્ડ માટે શૂટિંગ કરતો રહે છે. આ તસવીરોમાં એમસી અને એમએસ બંને બ્લેક સૂટમાં જોવા મળે છે. પ્રથમ તસ્વીરમાં, એમએસ ધોની અને એમસી સ્ટેન હાથ મિલાવતા જોવા મળે છે, જ્યારે બીજી તસ્વીરમાં આપણે તેઓને હાથ વડે 'P' ચિહ્ન બનાવતા જોઈ શકીએ છીએ. એમએસ ધોની સાથેની આ પળોની ઝલક એમસીએ તેના ઈસ્ટાગ્રામ પર શેર કરી છે.

## ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયાને હરાવી બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ

। (જી.એન.એસ),તા.૬ ।

સતત ૩ મેચમાં કારમી હાર બાદ ભારતીય મહિલા ક્રિકેટ ટીમને આખરે ઓસ્ટ્રેલિયા સામે જીત મળી છે. હરમનપ્રીત કૌરની કપ્તાનીમાં ટીમ ઈન્ડિયાએ વર્તમાન વિશ્વ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને પ્રથમ **T20** મેચમાં એકતરફી ફેશનમાં ૯ વિકેટથી હરાવ્યું હતું. મુંબઈના ડીવાય પાટીલ સ્ટેડિયમમાં ટીમ ઈન્ડિયા જે રીતે મેચ જીતી તે રીતે માત્ર ઓસ્ટ્રેલિયા જ નહીં, ભારતીય ટીમ અને તેના પ્રશંસકોને પણ અપેક્ષા નહીં હોય. બે યુવા ખેલાડીઓ આ શાનદાર જીતની સ્ટાર સાબિત થઈ હતી. શુક્રવાર, ૫ જુલાઈના રોજ ટી૨૦ શ્રેણીની પ્રથમ મેચમાં ભારતે શેફાલી વર્મા અને સ્મૃતિ મંધાના વચ્ચે ૧૩૭ રનની વર્લ્ડ રેકોર્ડ ભાગીદારીના આધારે ૧૮મી ઓવરમાં ૧૪૨ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. સ્મૃતિ અને શેફાલીએ જોરદાર અડધી સદી ફટકારી હતી. જોકે, આ જીતનો પાયો ૧૯ વર્ષની મધ્યમ ઝડપી બોલર તિતાસ સાધુએ નાખ્યો હતો, જેણે ૪ વિકેટ લઈને ઓસ્ટ્રેલિયાની મોટા સ્કોર સુધી પહોંચવાની આશાનો અંત લાવ્યો હતો.

## ઓસ્ટ્રેલિયાના સ્ટાર ઓપનર ડેવિડ વોર્નરે ટેસ્ટ સાથે વનડે ક્રિકેટને પણ અલવિદા કહી દીધું

। (જી.એન.એસ),તા.૬ ।

ઓસ્ટ્રેલિયાના સ્ટાર ઓપનર ડેવિડ વોર્નરે ૬ જાન્યુઆરીએ પાકિસ્તાન સામે અંતિમ વાર ટેસ્ટ ક્રિકેટમાં બેટિંગ કરી ટેસ્ટ સાથે વનડે ક્રિકેટને પણ અલવિદા કહી દીધું હતું. ડેવિડ વોર્નરે અત્યાર સુધી ઓસ્ટ્રેલિયા માટે ૧૧૨ ટેસ્ટ મેચ રમી છે અને ૨૦૫ ઈનિંગમાં તેણે ૪૪.૫૯ની એવરેજથી કુલ ૮૭૮૬ ટેસ્ટ રન બનાવ્યા છે. જેમાં તેનો હાઈએસ્ટ સ્કોર ૩૩૫ નોટઆઉટ રહ્યો હતો. ટેસ્ટ ક્રિકેટમાં ડેવિડ વોર્નરની ટોપ ૫ શ્રેષ્ઠ ઈનિંગ્સ પર એક નજર કરીએ તો.. ૧). ૩૩૫ vs પાકિસ્તાન (૨૦૧૯)ની મેચમાં ડેવિડ વોર્નરે તેની ટેસ્ટ કરિયરની સૌથી બેસ્ટ ટેસ્ટ ઈનિંગ પાકિસ્તાન સામે હતી. વર્ષ ૨૦૧૯માં વોર્નરે પાકિસ્તાન સામે ૩૩૫ રન બનાવ્યા હતા, જે ટેસ્ટમાં તેનો બેસ્ટ સ્કોર છે, સાથે જ આ સ્કોર કોઈ પણ ઓસ્ટ્રેલિયન બેટરનો બીજો સર્વોચ્ચ ટેસ્ટ સ્કોર છે.

### પૂર્વ ક્રિકેટર તાજેતરમાં જ વાયએસઆરસીપીમાં જોડાયો

## અંબાતી રાયડૂએ થોડા દિવસોમાં જ રાજકારણને છોડી દીધું હતું

। નવી દિલ્હી, તા.૬ ।

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી અંબાતી રાયડુ ૨૮ ડિસેમ્બરના રોજ યુવાજન શ્રમિક રાયથૂ કોંગ્રેસ પાર્ટી (વાયએસઆરસીપી) સાથે જોડાયો હતો. પરંતુ હવે રાયડુએ ચોંકાવનારો નિર્ણય લઈને રાજકારણ છોડી દીધું છે. તેણે પોતે જ રાજકારણ છોડવાના નિર્ણય વિશે જણાવ્યું છે. જો કે તેણે હંમેશા માટે રાજકારણ છોડ્યું નથી. તે થોડા સમય માટે રાજકારણથી દૂર થયો છે. અંબાતી રાયડુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (એક્સ) પર ટ્વિટ કરતા લખ્યું, 'આ બધાને જણાવવા માટે છે કે મેં વાયએસઆરસીપી પાર્ટી છોડવાનો અને થોડા



સમય માટે રાજકારણથી દૂર રહેવાનો નિર્ણય કર્યો છે. યોગ્ય સમયે આગળની કાર્યવાહી જાહેર કરવામાં આવશે.' રાયડુ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીની હાજરીમાં પાર્ટી સાથે ૨૮ ડિસેમ્બરના રોજ જોડાયો હતો. આ દરમિયાન રાજ્યના ડેપ્યુટી સીએમ નારાયણ સ્વામી અને સાંસદ પેડ્ડીરેડ્ડી પણ હાજર હતા.

### હાઈવે પર મુસાફરી કરનારા માટે રાહતના સમાચાર

## દેશના બે હાઈવે પર ટૂંક સમયમાં જીપીએસ આધારિત ટોલ શરૂ થશે

### જીપીએસ આધારિત ટોલ સિસ્ટમ દિલ્હી-જયપુર હાઈવે અને બેંગલુરુ-મૈસુર એક્સપ્રેસવે પર શરૂ થવા જઈ રહી છે

। નવી દિલ્હી, તા.૬ ।

દેશના બે મુખ્ય માર્ગો પર ટૂંક સમયમાં જીપીએસ આધારિત ટોલ સિસ્ટમ શરૂ થવા જઈ રહી છે. જેની મદદથી યાત્રીએ હાઈવે પર જેટલા અંતરની મુસાફરી કરી હશે બસ તેનું જ ટોલ ચૂકવવાનું રહેશે. હવે આ જીપીએસ આધારિત ટોલ સિસ્ટમ દિલ્હી-જયપુર હાઈવે (એનએચ-૪૮) અને બેંગલુરુ-મૈસુર એક્સપ્રેસવે પર શરૂ થવા જઈ રહી છે.

બંને માર્ગો પર તેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે અને ટોલની સચોટ ગણતરી માટે દિલ્હી-જયપુર હાઈવેનું જિયોફેન્સિંગ પણ શરૂ કરી દેવાયું છે. જિયોફેન્સિંગ એ એક સેટેલાઈટ આધારિત સિસ્ટમ છે જેમાં જીપીએસ દ્વારા ચોક્કસ વિસ્તારની વર્ચ્યુઅલ ભૌગોલિક સીમા નક્કી કરી દેવામાં આવે છે.



આ ભૌગોલિક વિસ્તારમાં જે પણ વાહન આવશે તે રેકોર્ડ થઈ જશે. જેના આધારે એક છેડાથી બીજા છેડા સુધી આ વાહને કાપેલું અંતર ગણવામાં આવશે. ત્યારબાદ આ અંતર પ્રમાણે જ મુસાફરે ટોલ ચૂકવવાનો રહેશે.

સૂત્રોએ જણાવ્યું કે હાલમાં ૧૮ લાખથી વધુ કોમર્શિયલ વાહનો જીપીએસ આધારિત ટ્રેકિંગ સિસ્ટમથી સજ્જ છે. પ્રારંભિક તબક્કામાં આવા વાહનો જીપીએસ આધારિત ટોલ ચાર્જ ચૂકવવાનું શરૂ કરી શકે છે.

### ચીનના ડિપ્લોમેટ્સ સાથે RSS નેતાઓની મુલાકાત

## આરએસએસ અને ચીન વચ્ચે શું સબંધ છેઃ કે.સી.વેણુગોપાલ

### અદાણી-ચીનના સંબંધો જાણીતા છે અને હવે બેઠકના મહિના બાદ RSSની ચીન સાથેની લિન્ક પણ સામે આવી

। નવી દિલ્હી, તા.૬ ।

ચીનના ડિપ્લોમેટ્સની નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના નેતાઓ સાથે મુલાકાત અંગે હવે કોંગ્રેસે સવાલો ઊઠાવ્યા છે. નાગપુરમાં સ્મૃતિ મંદિર પરિસરમાં આયોજિત આ બેઠક વિશે કોંગ્રેસ મહાસચિવ કે.સી.વેણુગોપાલે પૂછ્યું કે આરએસએસ અને ચીન વચ્ચે શું સંબંધ છે?

કોંગ્રેસ વતી આ મામલે સવાલો ઊઠાવાયા હતા. વેણુગોપાલે પૂછ્યું કે આરએસએસના વરિષ્ઠ નેતાઓ અને ચીનના ડિપ્લોમેટ્સ (પ્રતિનિધિ) વચ્ચે મુલાકાત પાછળનો એજન્ડા શું હતો? અમે બધા અદાણી અને ચીન વચ્ચેના સંબંધો વિશે જાણીએ છીએ અને હવે બેઠકના એક મહિના બાદ આરએસએસના ચીન સાથેના લિંક પણ સામે આવી રહ્યા છે.



તેમણે સવાલ કર્યો કે શું એટલા માટે ચીનની મીડિયા મોદીના નેતૃત્વવાળી સરકારની પ્રશંસા કરી રહી છે? વેણુગોપાલે આક્રમક અંદાજમાં કહ્યું કે જ્યારે વિદેશ મંત્રાલય જ સ્વીકારે છે કે ચીન સાથે સંબંધો સામાન્ય નથી તો ભાજપની મૂળ સંસ્થા જ ચીનના પ્રતિનિધિઓ કે ડિપ્લોમેટ્સ સાથે કેમ મળી રહી છે?

કોંગ્રેસે આ બેઠક પર સવાલો ઊઠાવતાં કહ્યું કે આ સરકાર ચીનના સંકટનો સામનો કરવા ઉપયુક્ત નથી. વિદેશમંત્રી માને છે કે ચીન એટલો મોટો દેશ છે કે સીધી રીતે તેનો મુકાબલો ન કરી શકાય. આ સૌની વચ્ચે આરએસએસ ઉષ્માભેર ચીનનું સ્વાગત કરે છે અને આગતા સ્વાગતા કરે છે.

કોંગ્રેસે તેને રાષ્ટ્રીય સુરક્ષાનો ગંભીર મામલો ગણાવતા સ્પષ્ટ જવાબની માગ કરી છે. ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર ૨૦૨૩માં ચીનના રાજદ્વારીઓના એક સમૂહે પહેલા સપ્તાહમાં આરએસએસના સ્મૃતિ મંદિર પરિસરની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે ચીન પણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)નો વૈચારિક રીતે વિરોધ કરે છે.

## મુંબઈ સામેની રણજી ટ્રોફી માટે બિહારની બે ટીમો પહોંચી

। પટના, તા.૬ ।

બિહારના પટના ખાતે આવેલા મોઈન ઉલ હક સ્ટેડિયમમાં ગઈકાલે વર્ષો પછી રણજી ટ્રોફીની મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઈ અને બિહાર વચ્ચે રમાઈ રહેલી આ ક્રિકેટ મેચ જોવા પહેલા જ દિવસે દર્શકોની ભીડ જોવા મળી હતી. પરંતુ મેચથી વધુ ચર્ચા બિહાર ક્રિકેટ એસોસિયેશનના અંદરખાને ચાલી રહેલા વિવાદની હતી. મુંબઈ સામે મેચ રમવા બિહારની બે ટીમો મેદાનમાં પહોંચી હતી. બિહાર ક્રિકેટ એસોસિયેશને બે ટીમોની યાદી જાહેર કરી હતી. એક તરફ જ્યાં બિહાર ક્રિકેટ એસોસિયેશનના અધ્યક્ષ રાકેશ તિવારી દ્વારા એક ટીમ જાહેર કરવામાં આવી તો બીજી તરફ બરતરફ સચિવ અમિત કુમારે બીજી ટીમની યાદી જાહેર કરી હતી. હવે બીસીએની અંદર જ આ વિવાદ થવા લાગ્યો કે બંને ટીમોમાંથી કઈ ટીમ મુંબઈ સામે રમશે? સવારે બીસીએની બંને ટીમો સ્ટેડિયમની બહાર પહોંચી ગઈ હતી. જો કે પોલીસે કડકાઈથી સચિવ અમિત કુમાર દ્વારા જાહેર કરેલી ટીમને પરત મોકલી દીધી હતી.

### નારાયણમૂર્તિ કામના કલાકો પરના વિચારને વળગી રહ્યા

## નારાયણમૂર્તિ સપ્તાહના ૭૦ કલાકની કાર્યની નીતિનો બચાવ કરતા હતા

### જો ખેડૂતો અને ફેક્ટરી કામદારો પોતાને કામ માટે સમર્પિત કરી શકે છે, તો મધ્યમ વર્ગના કર્મચારીઓ પણ કરી કર્યો હતો

। નવી દિલ્હી, તા.૬ ।

તાજેતરના એક ઈન્ટરવ્યુમાં ઈન્ફોસિસના સહ-સ્થાપકએ જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં લાંબા સમય સુધી કામ કરવું એ ધોરણ છે, કારણ કે ઘણા લોકો શારીરિક રીતે માગણી કરતા વ્યવસાયો અપનાવે છે.

તેમના વિવાદાસ્પદ નિવેદનનો ઉલ્લેખ કરતા, અબજોપતિએ ધ્યાન દોર્યું કે જો ખેડૂતો અને ફેક્ટરી કામદારો પોતાને કામ માટે સમર્પિત કરી શકે છે, તો મધ્યમ વર્ગના કર્મચારીઓ પણ કરી શકે છે. નારાયણ મૂર્તિ વર્ક-લાઈફ બેલેન્સ અંગેના તેમના વિવાદાસ્પદ



વિચારોથી પીછેહઠ કરવાનો ઈનકાર કર્યો હતો. ઈન્ફોસિસના સહ-સ્થાપક, જેમણે ગયા વર્ષે એવું સૂચન કર્યું હતું કે સહસ્ત્રાબ્દી અને જનરલ ઝેડ કર્મચારીઓએ અઠવાડિયામાં ઓછામાં ઓછા ૭૦ કલાક કામ કરવું જોઈએ જેથી કરીને ભારતીય અર્થતંત્ર પ્રગતિ કરી શકે, સીએનબીસી સાથેની તાજેતરની મુલાકાતમાં તેમના મંતવ્યો બમણા કર્યા. તેમના વિવાદાસ્પદ નિવેદનનો ઉલ્લેખ કરતા, અબજોપતિએ ધ્યાન દોર્યું કે જો ખેડૂતો અને ફેક્ટરી કામદારો પોતાને કામ માટે સમર્પિત કરી શકે છે, તો મધ્યમ વર્ગના કર્મચારીઓ પણ કરી શકે છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ભારતીય સંસ્કૃતિમાં સખત મહેનત જડાયેલી છે, કારણ કે ઘણા લોકો એવી નોકરીઓ કરે છે જે શારીરિક રીતે માંગણી કરે છે.

### રામમંદિર-યોગીને ઊડાડી દેવાની ધમકીમાં તપાસ

## એસટીએફ દેવેન્દ્ર તિવારીની તલાશ માટે ટેક્નોલોજીના સહારે

### દેવેન્દ્રની એક ફોર્ચ્યુનર, ઈકો સ્પોર્ટ્સ અને બોલેરો વાહનો, ત્રણ અલગ-અલગ ડ્રાઈવર સહિતની માહિતી મળી હતી

। લખનૌ, તા.૬ ।

રામ મંદિર, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને એસટીએફપ્રમુખ અમિતાભ યશને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મામલે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની ટીમ ધીમે ધીમે અનેક ખુલાસા કરી રહી છે.

એસટીએફદેવેન્દ્ર તિવારી, તેના ડ્રાઈવર સુનિત અને શંકાસ્પદ ભૂમિકા ધરાવતા અન્ય વ્યક્તિની તલાશ માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહી છે. બીજી તરફ ટીમે દેવેન્દ્રની સંપત્તિની તપાસ હાથ ધરી છે. એસટીએફએ જણાવ્યું કે, અત્યાર સુધી દેવેન્દ્રની



એક ફોર્ચ્યુનર, ઈકો સ્પોર્ટ્સ અને બોલેરો વાહનો, ત્રણ અલગ-અલગ ડ્રાઈવર, એક પર્સનલ આસિસ્ટન્ટ, બે સોશિયલ મીડિયા હેન્ડલર્સ, ઓફિસમાં એક રિસેપ્શનિસ્ટ, બે ગનર્સ વિશે માહિતી મળી છે. આ ઉપરાંત તેની આલમબાગમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેરામેડિકલ સાયન્સ સ્કૂલ અને ઓફિસ નીકળી છે. દેવેન્દ્રનું બંથારામાં મકાન છે. એસટીએફતપાસ કરી રહી છે કે દેવેન્દ્રએ આ સંપત્તિઓ કેવી રીતે હસ્તગત કરી છે.

દેવેન્દ્ર તિવારી જેઓ ઈન્ટરનેટ મીડિયા પર ખૂબ જ સક્રિય છે તે ભારતીય કિસાન મંચના અધ્યક્ષ પણ છે. એસટીએફએ જણાવ્યું કે, દેવેન્દ્રના ગુનાહિત રેકોર્ડ અને તેના દ્વારા દાખલ કરાયેલા કેસોની તપાસ ચાલી રહી છે.

## તંત્રી લેખ...

# ઉલ્ફા સાથે શાંતિ સમજૂતી બાદ પૂર્વોત્તરમાં હિંસા-અલગતાવાદ

નવું વર્ષ પૂર્વોત્તર શાંતિ માટે શુભ માની શકાય, કારણ કે ૨૦૨૩ સમાપ્ત થતાં થતાં અસમ અને ઉત્તર પૂર્વી રાજ્યોમાં ૪૦ વર્ષોથી હિંસાનો પર્યાય બનેલા ઉલ્ફા સાથે ત્રિપક્ષીય સમજૂતી શાંતિ માટે એક નવા યુગની શરૂઆત છે. નેશનલ સોશ્યલિસ્ટ કાઉન્સિલ ઓફ નગાલિમ (એનએસસીએન-આઈએમ)ને છોડી દઈએ તો ઉલ્ફા સાથે શાંતિ સમજૂતી બાદ પૂર્વોત્તરમાં હિંસા અને અલગતાવાદ પર આધારિત ઉગ્રવાદનો લગભગ ખાત્મો થઈ ગયો છે. નાગાલેન્ડ અને મણિપુરમાં સક્રિય એનએસસીએન બાદ પૂર્વોત્તર ક્ષેત્રના સૌથી મજબૂત અને ખૂંખાર ઉગ્રવાદી જૂથ ઉલ્ફાનું નેટવર્ક અસમ જ નહીં સમગ્ર પૂર્વોત્તર પ્રસરેલું હતું. તેથી ઉલ્ફા સાથે શાંતિ સમજૂતી યોગ્ય અર્થમાં ઐતિહાસિક અને બહુ મોટી ઉપલબ્ધિ છે. એનએસસીએનની જેમ ઉલ્ફા સાથે પણ સશસ્ત્ર દળોને કારણે અને મંત્રણા દ્વારા પણ કોઈ પરિણામ સુધી પહોંચવું સંભવ નહોતું થઈ શકતું. એનએસસીએનના સ્વતંત્ર સંપ્રભુ નગાલિમની માંગ ભારતની આઝાદી સમયથી ચાલી અવે છે. થોડા મુઠ્ઠીભર અડિયલ નગા નેતાઓની અવ્યાવહારિક હઠધર્મી ભારતીય બંધારણીયમ ાળકા અંતર્ગત આ અલગતાવાદી જૂથને આવવા નથી દેતી. પરંતુ ઉલ્ફાના અસ્તિત્વમાં આવવાની કહાની ૧૯૮૦ના દાયકાના અસમ છાત્ર આંદોલન સમયથી જોડાયેલી છે. હિંસાને કારણે 'સ્વાધીન અસોમ'ની માંગ ભારત સરકાર પાસે મનાવવા માટે ૧૯૭૯-૮૦માં ઉલ્ફાનો પાયો રચવામાં આવ્યો. અસમ છાત્ર આંદોલનની આડમાં આ એવો ઉપદ્રવ હતો, જેને ભારત રાષ્ટ્રથી અલગ 'સ્વાધીન અસોમ' જોઈતું હતું, જ્યાં અસમિયા સિવાય બીજા કોઈ ન રહે. એ સારો સંયોગ રહ્યો કે ૨૯ ડિસેમ્બરે દિલ્હીમાં થયેલ ત્રિપક્ષીય સમજૂતી સમયે ઉલ્ફાના સંસ્થાપક અરવિંદ રાજખોવા હાજર હતા, જે હજુ પણ ઉલ્ફાના પ્રમુખ છે. સમજૂતી પર હસ્તાક્ષરક રનારા અન્ય ઉલ્ફા નેતા અનૂપ ચેતિયા અને સશાધર ચૌધુરી પણ સંસ્થાપકોમાંથી છે. આ ત્રિપક્ષીય સમજૂતી કેન્દ્ર, રાજ્ય સરકાર અને ઉલ્ફા નેતાઓ વચ્ચે થઈ છે. જેમાં સૌથી મહત્ત્વપૂર્ણ અને શુભ એ છે કે આ લોકો હિંસા છોડીને ભારતીય બંધારણીય દાયરા અંતર્ગત રાષ્ટ્રીય મુખ્યધારામાં સામેલ થવા રાજી થયા છે. અસમના મુખ્યમંત્રી હિંમતા બિસ્વ સરમાનો આ સમજૂતીને 'ઐતિહાસિક' અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ૨૯ ડિસેમ્બરને અસમનો સુવર્ણ દિવસ કહેવો યથાર્થ છે. ૨૦૦૯માં બાંગ્લાદેશ સાથે પ્રત્યાર્પણ સંધિ બાદ આ ઉલ્ફા નેતાઓને ભારત લાવવામાં આવ્યા. પહેલાં થોડા દિવસ અટકાયતમાં રાખવામાં આવ્યા, પછી શાંતિ મંત્રણા શરૂ થઈ. ૨૦૧૧થી શાંતિ મંત્રણાઓની જાણકારી આવવા લાગી. ગુપ્તચર અધિકારીઓના પ્રયાસ નિષ્ફળ થયા બાદ અસમના ગણમાન્ય નાગરિકોની પણ મદદ મળી ગઈ, જેમાં પ્રખ્યાત અસમિયા લેખિકા જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ઈન્દિરા ગોસ્વામી પણ સામેલ હતી. પરંતુ કોઈ સાર્થક પરિણામ ન નીકળ્યું. ઉલ્ફા હુમલાનો સામનો કરા માટે સેના અને કેન્દ્રીય બળો તૈનાત રહ્યા, મંત્રણા નિષ્ફળ ગયાના સમાચારો આવતા રહ્યા.



## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વ હિંદુ પરિષદ અને ભાજપના નામે આરોપ

સદીઓના સંઘર્ષ અને અસંખ્ય બલિતાનો બાદ અયોધ્યામાં શ્રીરામ જન્મસ્થાન પર ભવ્ય મંદિરનું સપનું સાકાર થઈ રહ્યું છે. આ દેશમાં જો કોઈને સફળતા મળે તો કહેવાય છે કે એના પર શ્રીરામની કૃપા છે. પ્રભુ શ્રીરામ આ દેશના કણ-કણ અને ઘટ-ઘટમાં વિરાજમાન છે. ડાબેરી અને કેટલાક વિદેશી લેખકો દેશને ઉત્તર-દક્ષિણ, આર્ય-અનાર્ય/દ્રવિડના નામે પરસ્પર લડાવવામાં સફળ ન થઈ શક્યા તો તેનું એક કારણ ભગવાન શ્રીરામ પણ છે. ૧૯૮૬માં અયોધ્યામાં વિવાદીત માળખાનું જ્યારે તાળું ખૂલ્યું ત્યારે કર્ણાટકના મુખ્યમંત્રી રામકૃષ્ણ હેગડે, તમિલનાડુના મુખ્યમંત્રી એમ.જી. રામચંદ્રન તથા આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન.ટી. રામારાવ હતા. એટલે કે ત્રણેયના નામમાં 'રામ' હતા. શ્રીરામ, શ્રીકૃષ્ણ અને ભગવાન શંકર આ રાષ્ટ્રના આરાધ્ય દેવ છે. તેમને પ્રાંત-ભાષા-સંપ્રદાય, રાજકીય પ્રતિબદ્ધતા તથા પક્ષોના દાયરાથી ઉપર ઊઠીને જોવામાં આવે છે. બર્બર ઈસ્લામિક આક્રાંતાઓએ ભારત-ભારતીયતાના આરાધ્ય દેવ ભગવાન શ્રીરામના જન્મસ્થાન પર સ્થિત મંદિર તોડીને મસ્જિદનું નિર્માણ કરી દીધું હતું, તેના પુરાતાત્વિક અવશેષો પણ મલી આવ્યા હતા. આ જગ્યાને મુક્ત કરાવવા માટે હિંદુ સદીઓથી સંઘર્ષ કરી રહ્યા હતા. એવામાં આ સંઘર્ષને રાજકીય ચશ્માંથી જોવા યોગ્ય નહીં કહેવાય. અયોધ્યામાં શ્રીરામ મંદિરની ચર્ચા જ્યારે પણ થાય છે ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વ હિંદુ પરિષદ અને ભાજપનું નામ લઈને એ આરોપ લગાવવામાં આવે છે કે પોતાના રાજકીય લાભ માટે તેમણે આ મુદ્દો ઉઠાવ્યો. તથ્યો પર ધ્યાન આપીએ તો આ વાત સાચી નથી. ૧૯૮૫માં સુપ્રીમ કોર્ટનો એક ચુકાદો આવ્યો, જેમાં કહેવામાં આવ્યું કે તલાકશુદા શાહબાનોને ગુજારા ભથ્થું આપવામાં આવે. આ ચુકાદાનો મુસ્લિમ સંગઠનો વિરોધ કરવા લાગ્યા. મુસ્લિમ વોટબેંકની લાલચમાં કોંગ્રેસે સંસદમાં કાયદો બનાવીને ન્યાયાલયના ચુકાદાને પલટી નાખ્યો. કોંગ્રેસ પર તુષ્ટીકરણના આરોપ લાગ્યા. આ દરમ્યાન અયોધ્યામાં જન્મભૂમિ પર ૩૭ વર્ષ પહેલાં લાગેલા તાળાને ખોલવાનો આદેશ કોર્ટે આપી દીધો. હિંદુ વોટની લાલચમાં કોંગ્રેસ અને રાજીવ ગાંધીના નેતૃત્વવાળી તત્કાલીન કેન્દ્ર સરકારને તેનો શ્રેય અપાવા લાગ્યો. ઉત્તર પ્રદેશ વિધાનસભાની ત્યારે કુલ ૪૨૫ સીટોમાં કોંગ્રેસે ૧૯૮૦માં ૩૦૯ તથા ૧૯૮૫માં ૨૬૯ સીટો જીતીને પોતાની સરકાર બનાવી હતી, પરંતુ તાળું ખોલ્યા બાદ ૧૯૮૯ની ચૂંટણીમાં તે માત્ર ૯૪ સીટો જ જીતી શકી હતી. બોફોર્સ કૌભાંડના આરોપને કારણે કોંગ્રેસની હાર થઈ, પરંતુ તેને લાગ્યું કે મુસ્લિમો નારાજ થઈ ગયા, તેથી તેની હાર થઈ. પરાજયની ખીજે તેને મંદિર વિરોધના રસ્તે ધકેલી દીધી. ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ કારસેવકોએ વિવાદિત માળખાને ધ્વસ્ત કરી દીધું. માળખું તૂટવાને કારણે એ સમયે ઉત્તર પ્રદેશમાં સત્તારૂઢ કલ્યાણ સિંહ સરકારને બરખાસ્ત કરી દેવામાં આવી. તેની સાથે જ રાજસ્થાન, મધ્ય પ્રદેશ તથા હિમાચલ પ્રદેશની ભાજપ સરકારોને પણ બરખાસ્ત કરી દેવામાં આવી. અયોધ્યા જો રાજકીય મુદ્દો હોત તો ઉપરોક્ત રાજ્યોમાં ૧૯૯૩માં થયેલ વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપને પ્રચંડ બહુમતી મળવી જોઈતી હતી. ઉત્તર પ્રદેશમાં માળખું તૂટ્યા પહેલાં ૧૯૯૧માં વિધાનસભામાં ભાજપને ૨૨૧ સીટો મળી હતી, પરંતુ ૧૯૯૩માં તે ઘટીને ૧૭૭ થઈ ગઈ. મધ્ય પ્રદેશમાં પણ ૧૯૯૦માં ભાજપને ત્યારે વિધાનસભાની કુલ ૩૨૦ સીટોમાંથી ૨૨૦ સીટો પર સફળતા મળી હતી. ૧૯૯૩માં સીટો ઘટીને ૧૧૭ થઈ ગઈ. હિમાચલમાં ઉલટફેરની રાજનીતિ ચાલે છે, પરંતુ ત્યાં પણ ઉલટફેર આશ્ચર્યજનક હતો.

# ઔરંગાબાદનાં જૈન સમાજ અને અગ્રવાલ સમાજ ને આપણે રોલ મોડેલ તરીકે સ્વીકારીશું તો રામરાજ્ય વધુ દૂર નથી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સે ભારત અને મોદીની પ્રશંસા કરીને કહ્યું કે મોદીના નેતૃત્વમાં ભારત તીવ્ર ગતિએ વિકસી રહ્યું છે. ટેસ્ટ ક્રિકેટ બન્યું ટી ૨૦ અને ઈતિહાસની સૌથી ટૂંકી ટેસ્ટમાં ભારતનો વિજય. કલકત્તા હાઈકોર્ટની યુવતીઓને જાતિય ઈચ્છા નિયંત્રિત રાખવાનું કહેતી વિશેષ ટિપ્પણી સામે સુપ્રીમની લાલ આંખ! આતંકી મટ્ટૂની દિલ્હીમાં ધરપકડ. મોદી સરકાર રામ મંદિરની જેમ જૂની પેન્શન વ્યવસ્થા લાગુ કરશે, કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના શરૂ કરવા સરકારનો આડકતરો ઈશારો. વાઈબ્રન્ટ ગુજરાતમાં ૯મી જાન્યુઆરી અમદાવાદમાં મોદીનો રોડ શો, યુએઈનાં પ્રેસિડેન્ટ હાજર રહેશે. ગ્લોબલ ફિનટેક અંતર્ગત પીએમ મોદીની વૈશ્વિક ફિનટેક લીડર સાથે મુલાકાત. હવાલાથી ત્રણ કરોડ દુબઈ મોકલવા સબબ હાઈકોર્ટેનો જામીન ન આપવાનો ચૂકાદો. ગુજરાતમાં ઠંડીનાં પ્રભુત્વ વચ્ચે ત્રણ દિવસ વરસાદની આગાહી. પાકમાં ૩૦ વર્ષની મહિલા મહરંગનાં નેતૃત્વ એ સરકાર અને સૈન્યની ઉંઘ ઉડાડી. મસ્કની સટારલિંક સેટેલાઈટ કંપની દુનિયાભરમાં ઈન્ટરનેટ આપશે. ઈસરોનાં ચેરમેન સોમનાથના જણાવ્યા અનુસાર આદિત્ય એલ વન અવકાશયાન ૬ જાન્યુઆરી એ સાંજે ચાર વાગ્યે લાગ્રાન્ગ પોઈન્ટ પર પહોંચી જશે.બહારનુ ખાવા વાળા માટે ખાસ જણાવવાનું કે ઓનેસ્ટના આચારમાંથી ઈયળ અન્ય ગજાનંદ પૌંઆ જેવા ખાદ્ય પદાર્થો માંથી જીવાત મળી. વડોદરાથી મોકલાયેલી ૧૦૮ ફૂટ લાંબી અગરબત્તી રામ મંદિર પરિસરને ૪૭ દિવસ સુધી સુગંધિત રાખશે. સૂરતના વેપારીઓ ૩૧ ૫૦૦ કિલો ઘી આયોધ્યા રામમંદિરના મહાયજ્ઞ માટે મોકલશે. સપ્તક સંગીત સમારોહમાં તાર તાલવાદ્ય સિતાર મેન્ડોલિન તબલાં અને મૃદંગમ અતિ સુંદર.

શેખર કપૂર નામના અભિનેતા એ પોતાના બ્લોગમાં કહ્યું કે આપણે ઉત્સવો અને સમારોહ કરવામાં એ ભૂલી જઈએ છીએ કે, આપણે કરેલા આવાં વગર વિચારે કરેલા કાર્યોનો બોજ આપણી પછીની પેઢીને ભોગવવું પડે છે! પછી તે ભૂખમરો, ભય, એકલવાયા પણું દુષ્કાળ, નાના મોટા આંતરિક યુદ્ધ અને જલવાયુ પરિવર્તન કે પ્રદૂષણ રુપે હોય! કેવું વિચિત્ર વિધાન છે નહીં! પણ વિચાર માંગી લે તેવું છે અને ખરેખર અમુક સમાજે આ વિશે વિચાર્યું ખરું! અને એ વિશેનો એક મેસેજ લગ્નની સિઝન શરૂ થતા મારાં જાગૃતિ માસીએ મને મોકલ્યો હતો, અને આ વાત ચિંતન દ્વારા અનેક લોકો સુધી પહોંચાડવા માટે પણ કહ્યું હતું.

ઔરંગાબાદના જૈન સમાજે લગ્ન બાબતે એક આવકાર્ય નિર્ણય લીધો હતો, એમણે નક્કી કર્યું કે કન્યા અને વર પક્ષ તરફથી રખાતા ભોજન સમારંભમાં છ થી વધુ વાનગી પીરસવામાં આવે ત્યાં આગળ ભોજન ન કરવું, અને આ ખરેખર એક આવકાર્ય પગલું છે. એવા નિર્ણયોની જાણ થતા અગ્રવાલ સમાજે પણ આવો નિર્ણય પોતાના સમાજમાં થતા લગ્ન માટે લાગુ કર્યો. આ ઉપ રાંત કંકોત્રી કે કાર્ડ ન છપાવવા અને મોબાઈલ પર મેસેજ મુકવા તેમજ લગ્ન અગાઉ થતી સંગીત સંધ્યાનો પ્રોગ્રામ પણ મોકૂફ રાખવા નિર્ણય લીધો છે. ઉપરોક્ત બંને સમાજ એટલે કે જૈન અને અગ્રવાલ સમાજ આપણી જાણીએ છીએ તેમ પૈસે ટકે સુખી સંપન્ન સમાજ ગણાય છે એમને રૂપિયા પૈસાની કોઈ એવી તંગી હોતી નથી છતાં સમાજના હિત માટે અને દેખાદેખીમાં દિવસેને દિવસે મોંઘા થતા જતા લગ્ન માટે આ એક આવકાર્ય પગલુ છે. આપણે ક્યારે બદલાઈશું? જો સમયસર નહિ બદલાઈએ તો આવનારી પેઢી અને સમય આપણને માફ નહીં કરે. દિવસે દિવસે વહેવારો ઘટવા જોઈએ, એની બદલે વધતાં જાય છે.

જનોઈ, વાસ્તુ, સગાઈ, શ્રીમંત અને જન્મદિવસના ખર્ચા પણ હવે લગ્ન જેટલા થવા લાગ્યા છે, જે બિલકુલ યોગ્ય નથી, અને બરાબરી ન કરી શકે એવા સમાજ પણ દેખાદેખીમાં દેવામાં ડૂબીને પણ વ્યવહારો કરતા જોવા મળે છે. બદલાતા વૈજ્ઞાનિક વિકાસ ને કારણે પ્રકૃતિમાં પુષ્કળ પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે, અને એને કારણે ખેતીની નીપજ પણ ઘટી ગઈ છે, અને જે થાય છે એ પણ એટલી ગુણવત્તા સભર નથી હોતી. શિક્ષણ પણ દિવસે દિવસે મોંઘુ થતું જાય છે, અને અદ્યતન ટેકનોલોજી ને કારણે નોકરીઓ ઘટી રહી છે, અને ખાનગી નોકરીમાં એટલી સુરક્ષા પણ નથી. દેવામાં જીવવું હવે આદત બનતી જાય છે. લગ્ન એ વિધિ માત્ર નથી એ એક સંસ્કાર છે, એ વાત માતાપિતા એ નવ યુગલને સમજાવવી જોઈએ. હલ્દી મહેંદી જેવા ઓકેશન પણ વધુ પડતાં ખર્ચાળ થતાં જાય છે.


ખર્ચાળ લગ્ન બંધ કરી નવયુગલોના ભવિષ્ય ઉજ્જવળ બનાવવા તરફ વિચારવું જોઈએ. બદલાતા સમય મુજબ ટેસ્ટ મેચ માંથી વન ડે અને ટી ટ્વેન્ટી રૂપે યોજાવા લાગી, તો લગ્ન ને પણ સિમિત કરી સમય અને રૂપિયા બચાવવા જોઈએ. ગમે તેટલાં શાનદાર અને ખર્ચાળ લગ્ન સમારંભ યોજાયો હોય તો પણ એને એવોર્ડ મળ્યો હોય, એવું સાંભળ્યું નથી! કોઈપણ જાતિ અને ધર્મની સારી બાબતો સ્વીકારવી જોઈએ. જેમ કે એક ગૃપમાં લગ્ન કરનાર યુવક યુવતી એ પોતાના પ્રીવેડિંગ શૂટિંગના ખર્ચ માંથી એક સંસ્થાના વૃદ્ધ બેબસ અને અનાથ બાળકોને ભોજન પીરસ્યું, આમ દરેક વ્યક્તિએ સમાજને સુધારવા માટે એક પગલું આગળ વધવું જોઈએ. વિશ્વ આખું આજે ભયંકર કટોકટી માંથી પસાર થઈ રહ્યું છે, લોકોની આર્થિક સુરક્ષા, સામાજિક સુરક્ષા, અને વ્યક્તિગત સુરક્ષા ઘટતી જાય છે, અને એનું કારણ તે અન્યમાં શોધે છે. પરંતુ મોટેભાગે કોઈપણ વ્યક્તિ હોય, કે કોઈપણ સમાજ હોય, એ પોતાના નીતિ નિયમો, કે રીતી રિવાજોથી કે પછી પરંપરા ને નામે પોષાતી અંધશ્રદ્ધાથી વધુને વધુ પ્રતાડિત થતો હોય છે. વિશ્વ આખું આજે આર્થિક રીતે ભયંકર મંદીમાંથી પસાર થઈ રહ્યો છે, ત્યારે ગણ્યા ગાંઠ્યા મુઠ્ઠીભર ધનવાનોની દેખાદેખી કરીને આપણે આપણું સંતુલન ખોઈ રહ્યા છીએ, એ વાત જ્યારે સામાન્ય નાગરિકની સમજમાં આવી જાય, ત્યારે એમાં કંઈક સુધારો આવી શકે.

૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થશે, અને રામરાજ્યની શરૂઆત થશે, એવી સૌને શ્રદ્ધા છે, અને ઈશ્વર કરે સૌને શ્રદ્ધા ફળે. પરંતુ વિચારવાની વાત એ છે કે માત્ર મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાથી, એવું કંઈ પરિણામ આવી શકે નહીં ! ભારતભરમાં કેટલાએ મંદિરો ઐતિહાસિક સ્થાન અને ઐતિહાસિક કારણ સાથે સર્જન પામ્યા છે. પણ જ્યારે આપણાં દેહ દેવળમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા થશે, અથવા તો રામ તત્વ ઉજાગર થશે, ત્યારે આપણે અન્ય સાથે સ્પર્ધા કરવાનું કે અન્યમાં દોષ શોધવાનું બંધ કરી, ખુદ આપણામાંથી બુરાઈને જાકારો આપીશું, અને એ જ રીતે રામરાજ્યની સંભાવના છે. લોકો હમણાં જુદા જુદા ઓડિયો વીડિયો મૂકીને રામરાજ્યની સ્થાપના થઈ ચૂકી છે, એવા પરિમાણો આપે છે. દાખલા તરીકે કાશ્મીરમાં ૩૭૦ની કલમ નાબૂદ થવી, ચંદ્ર ૩ સફળ લેન્ડિંગ અને એવી બીજી કેટલી એ ઘટના! પણ હંમેશા રાજકીય પક્ષ કે રાજકીય કાર્ય એ સામાજિક ઉત્થાનનું એટલું મોટું કારણ બની શકે નહીં! હાં જે તે રાજ્યની વ્યવસ્થા સુધરે એ કંઈક અંશે આવકાર્ય છે. સામાજિક વિકાસ તો સમાજનો દરેક વ્યક્તિ જાગૃત થાય ત્યારે જ થાય, અને આવાં સામાજિક સર્વાંગી વિકાસ ને આવકારે એવું મોટીવેશનલ કાર્ય ક્યાંક થઈ રહ્યું છે, અને સમયની માંગ આ જ છે, એ સત્ય સ્વીકારી સુધારાની શરૂઆત આપણાથી કરીએ! ધીરે ધીરે સમગ્ર સમાજ બદલાશે અને એક દિવસ સમાજમાં બધાંની આવી વિચારધારા થશે, અને આવું એક એક પગલું જ આપણને રામરાજ્ય તરફ ધકેલી રહ્યું છે. જય હિન્દ.

# દૃષ્ટિને એવી ગુણમય બનાવ જો કે, કોઇ ના ફક્ત ગુણ જ દેખાય દોષ દેખાય નહીં



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



આચાર-વિચાર શુદ્ધ હશે, ત્યાં ભક્તિને પુષ્ટિ મળશે. જીવન વિલાસમય થયું એટલે જ ભક્તિ નો વિનાશ થયો છે. ભાગવતશાસ્ત્ર મનુષ્યને કાળના મુખમાંથી છોડાવે છે, મનુષ્યને સાવધાન કરે છે. કાળના મુખમાંથી છૂટવા કાળના પણ કાળ શ્રીકૃષ્ણ ને શરણે જાવ. જે સર્વસ્વ ભગવાન ઉપર છોડે છે તેની ચિંતા ભગવાન પોતે કરે છે. પિતામહ ભીષ્મ મહાભારતના યુદ્ધમાં દુર્યોધનના ટોણાં સાંભળી પ્રતિજ્ઞા કરે છે કે, આવતીકાલે હું અર્જુનને મારીશ અથવા હું મરીશ, આથી બધા ગભરાયા. કારણ ભીષ્મપ્રતિજ્ઞા એટલે શું તે બધા જાણતા હતા. શ્રીકૃષ્ણ ભગવાનને પણ ચેન નથી.રાત્રે નિદ્રા ન આવી. અત્યારે અર્જુનની શું હાલત થશે એવો વિચાર આવતાં તેઓ અર્જુનના તંબૂમાં ગયા. જઈને જુએ છે તો અર્જુન તો શાંતિથી ઊંઘતો હતો. ભગવાને વિચાર્યું કે, ભીષ્મે આવી ભીષણ પ્રતિજ્ઞા કરી છે, છતાં આ શાંતિથી સૂતો છે.તેમણે અર્જુનને જગાડીને પૂછ્યું,તેં ભીષ્મની પ્રતિજ્ઞાસાંભળી અર્જુન કહે, હા સાંભળી. શ્રીકૃષ્ણ કહે, અને છતાં તું આમ નિરાંતે ઊંઘે છે? તને મૃત્યુની બીક નથી, ચિંતા નથી? અર્જુન કહે, મારી ચિંતા કરનારો જાગે છે, એ જાણું છું એટલે હું નિરાંતે ઊંઘું છું. તે મારી ચિંતા કરશે. હું શા માટે ચિંતા કરું? અર્જુનની પેઠે બધું ઈશ્વર પર છોડો. મનુષ્યની ચિંતા જ્યાં સુધી ઈશ્વરને માથે ન છોડાય, ત્યાં સુધી તે નિશ્ચિંત થતો નથી. પ્રથમ સ્કંધમાં અધિકાર કથા કહી છે. અધિકાર સિદ્ધ થાય તો સંત મળે છે. અધિકાર વિના સંત મળે, તો તેના તરફ સદભાવ જાગતો નથી. સંતને શોધવાની જરૂર નથી. શોધવાથી પ્રભુ કૃપા થશે નહીં. મન દુર્જન હશે ત્યાં સુધી સંત મળશે નહીં. સંત થશો તો સંત મળી આવશે. હ કેમ જોવું તે શીખવે એ સંત. સંત જોવાની દૃષ્ટિ આપે છે. સંસારના પદાર્થને જોવામાં આનંદ છે, ભોગવવામાં નથી. સંસાર એ ઈશ્વરનું સ્વરૂપ છે. તેથી જગતને ઈશ્વરમય નિહાળો, મહાપ્રભુજીએ વૈષ્ણવનું લક્ષણ બતાવ્યું છે કે, જેના દર્શન થી શ્રીકૃષ્ણ યાદ આવે તે વૈષ્ણવ.

જેના સંગથી પ્રભુ યાદ આવે તે વૈષ્ણવા શ્રીકૃષ્ણ-શુકદેવના દર્શનથી અપ્સરાઓમાં વૈરાગ્ય આવ્યો હતો અને શ્રીકૃષ્ણકથા પાછળ તેઓ પાગલ બની હતી. એનું નામ સંતદર્શન એવા સંતો જગતમાં છે. સદ્ગુરુનો અભાવ નથી પણ સશિષ્યનો અભાવ છે. જેનો અધિકાર સિદ્ધ થયો છે તેને સંતપુરુષ મળી આવે છે. મનુષ્ય સંત બને છે ત્યારે તેને સંત મળે છે. સાંગોમાં પણ એકાદ દોષ રહેલો હશે. આ બ્રહ્માજીની સૃષ્ટિ ગુણદોષથી ભરેલી છે. જગતમાં સર્વ પ્રકારે કોઈ સુખી થઈ શકતો નથી. સંસારના પ્રત્યેક પદાર્થમાં દોષ અને ગુણ પણ છે. દૃષ્ટિને એવી ગુણમય બનાવજો કે, કોઇ ના દોષ દેખાય નહીં. તમારી દૃષ્ટિ ગુણદોષથી ભરેલી હશે ત્યાં સુધી સંતમાં પણ તમને દોષ દેખાશે માટે જ્ઞાનદૃષ્ટિથી જુઓ. બધું જગત બ્રહ્મમય દેખાશે. જેની દૃષ્ટિ ગુણમય છે તે જ સંત છે. અભિમાન આવે એટલે પતન થાય છે. સતત દીનતા આવે એ જરૂરનું છે. મા બાળકને શણગારી બીજા લોકોની નજર ન લાગે એટલા માટે તેના ગાલ ઉપર મેસનું ટપકું કરે છે તેમ કદાચ ઈશ્વર પણ સંતોમાં તે ભક્તોમાં એકાદ દોષ રાખતો હશે. મનુષ્યમાં કોઈ દોષ ન રહે તો તેના મનમાં અભિમાન આવી જાય. માટે કોઇના દોષ જોશો નહીં. કોઇના પાપનો વિચાર કરશો નહીં કે વાણીથી તેનો ઉચ્ચાર કરશો નહીં. ઘર છોડવાથી સંત થવાય છે એવું નથી. ઘરમાં રહીને સંત થઈ શકાય છે. ઘરમાં રહીને ઈશ્વરને પ્રાપ્ત કરી શકાય છે.તુકારામ મહા રાજ,એકનાથ,ગોપીઓ વગેરેએ ઘરમાં રહીને પ્રભુને પ્રાપ્ત કર્યા છે. ભગવાં કપડાં પહેરવાથી, સંત થવાતું નથી. પરીક્ષિત રાજાએ મનને સુધાર્યું એટલે તેને શુકદેવજી મળ્યા.

માનવજીવનનું લક્ષ્ય શું? પરમાત્મા. પરમાત્માનું દર્શન મિલન સંસારમાં જે આ લક્ષ્યને યાદ રાખે તે સંત. પ્રતિક્ષણે જે સાવધાન તે સંત.જેણે પોતાનું મન સુધાર્યું એ સંત છે.મનને સુધારશો તો તમે સંત થશો. મનને સુધારવાની જરૂર છે.જગત બગડ્યું નથી, આપણું મન બગડ્યું છે. મન ઉપર વિશ્વાસ ન રાખશો. મન ઉપર અંકુશ રાખો. આત્મા એ મનનો સાક્ષી છે, દૃષ્ટા છે. જે દિવસે મન શુદ્ધ છે, એવી સાક્ષી આત્મા આપે તે દિવસ માનજો કે તમે સંત છો. મૃત્યુના સ્મરણથી મન સુધરે છે.

મૃત્યુના વિસ્મરણથી મન બગડે છે. જે ઘડીએ પરીક્ષિત રાજાએ સાંભળ્યું કે, સાતમા દિવસે હું મરવાનો છું તે જ ઘડીએ તેના વિલાસી જીવનનો અંત આવ્યો. પરીક્ષિતને મૃત્યુની બીક લાગી અને તેનું જીવન સુધર્યું. મરણનું દુઃખ ભયંકર છે. જીવ શરીર છોડે છે, ત્યારે હજાર વીંછી એક સાથે ડંખ મારે ને જેટલી વેદના થાય તેટલી વેદના થાય છે. જન્મ પણ દુઃખ છે. વૃદ્ધાવસ્થા પણ દુઃખ, સ્ત્રી પણ દુઃખ છે, પણ એથી મોટું દુઃખ મરણ છે.માટે - વેળાસર ચેતી જાઓ. આ દુઃખોને રોજ યાદ કરો. રોજ વિચારો કે, આજે યમદૂત મને લેવા આવે તો હું ક્યાં જઈશ. નરકમાં, સ્વર્ગમાં કે વૈકુંઠમાં?મૃત્યુનું નિવારણ કદી શક્ય નથી તો શા માટે કરા છો? કેટલાક બહુ ડાહ્યા હોય છે. બશેર શાક લેવું હોય તો આખી બજાર ફરી શું લેવું તેનો વિચાર કરે છે, પણ મૃત્યુનો વિચાર કરો છો? મૃત્યુને રોજ યાદ કરો, તો તમારું પાપ છૂટી જશે અને પાપ છૂટી જાય,ત્યારે માનજો કે તમે સંત છો. મનુષ્ય માને છે કે, હું પાપ કરું છું તે કોઈ જોતું નથી. પણ પાપપુણ્યના અનેક સાક્ષીઓ છે.

સૂર્ય, ચંદ્ર, ધરતી, વાયુ બધા સાક્ષીઓ છે. સૂર્ય,ચંદ્ર,ધરતી,વાયુ બધા સાક્ષી ઓ છે. ભગવાનના સેવકો જ્યાં જાવ ત્યાં સાથે જ છે. સદગુરુ શંકરાચાર્ય સ્વામી દુઃખ પામી કહે છે કે, મનુષ્ય મરવાનું છે તે જાણે છે. એક દિવસ આ બધું છોડીને જવાનું છે તે પણ જાણે છે. તેમ છતાં મનુષ્ય પાપ કરે છે! તે તેમને આશ્ચર્ય થાય છે. છેવટે એ મરણને શરણ થાય છે, તો પણ તે પાપી આચરણ છોડતો નથી. માટે તમારા જીવનને સાચવજો. પરીક્ષિતને અધિકાર સિદ્ધ થયા પછી શુકદેવજી ત્યાં પધાર્યા છે. શુકદેવજીને આમંત્રણ આપવું પડ્યું નથી. અમે આમંત્રણ આપે આ શુકદેવ આવે તેવા નથી. પરીક્ષિત રાજા જ્યાં સુધી મહેલો માં વિલાસી જીવન ગાળતા હતા ત્યાં સુધી શુકદેવજી ના આવ્યા પણ તક્ષકના ભયથી સંસાર છોડ્યો કે તરત શુકદેવજી પધાર્યા. પરીક્ષિત રાજાને ખાતરી હતી કે, સાત દિવસ પછી મરવાનો છું. આપણને એ પણ ખબર નથી. જીવન પાણીનો પરપોટો છે.

પાણી ના પરપોટાને ફૂટી જતાં વાર લાગતી નથી, તેમ જીવનનો અંત આવતાં પણ વાર લાગતી નથી. પ્રથમ સ્કંધમાં શ્રીમદ્ ભાગવતનું જ્ઞાન પામવાનો અધિકારી કોણ, એ જ્ઞાન આપવાનો અધિકારી કોણ વગેરે બતાવ્યું છે. પ્રથમ સ્કંધમાં ત્રણ પ્રકરણ છેઃ ઉત્તમાધિકાર, મધ્યમાધિકાર અને ત્રીજું કનિષ્ઠાધિકાર પ્રકરણ. શુકદેવજી-પરીક્ષિત ઉત્તમ વક્તા-શ્રોતા, નારદ-વ્યાસ મધ્યમ શ્રોતા વક્તા અને સૂત-શૌનકજી કનિષ્ઠ વક્તા-શ્રોતા.વ્યાસજી સમાજને સુધારવાની ભાવનાથી કથા કરે છે એટલે કે મધ્યમ વક્તા. બીજાને સુધારવાની ભાવના પ્રભુ ભજનમાં વિઘ્ન કરે છે.બીજાને સુધારવાની ભાંજગડ માં પડતા નહીં તમે પોતાને સુધાર જો. કથા કરતી વખતે શુકદેવજી ને ખબર નથી કે, મારી કથા સાંભળવા સામે કોણ કોણ બેઠા છે? શુકદેવજીની કથા થી ઘણાનાં જીવન સુધરે છે, પણ તેનો વિચાર શુકદેવજી કરતા નથી. શંકરાચાર્યે કહ્યું છે કે, બ્રહ્મ જ્ઞાની મહાત્માઓ એક ક્ષણ પણ બ્રહ્મનું ચિંતન છોડી શકતા નથી. આવી દશા શુકદેવજીની છે.જગત માં બ્રહ્મજ્ઞાની મળી શકે,પણ બ્રહ્મ દૃષ્ટિ રાખીને ફરનારા શુકદેવજી જેવા નથી મળતા. કહેણી અને કરણી એક ન હોય, વાણી અને વર્તન એક ન હોય, ત્યાં સુધી શબ્દમાં શક્તિ આવતી નથી.

# શિયાળામાં સાંધાના દુખાવામાંથી એક પણ રૂપિયો ખર્ચા વગર મેળવી શકો છો દુખાવામાં રાહત



શિયાળાની શરૂઆત થતા જ ઘણા લોકોમાં સાંધાના દુખાવાની ફરીયાદો ઉઠવા લાગે છે. શિયાળાના હવામાનને કારણે સાંધામાં દુખાવો થવાના ઘણા કારણો છે. ઠંડી ઋતુ કુદરતી રીતે સ્નાયુઓમાં તણાવ ઊભો કરે છે. આ તણાવ સાંધામાં ઓછી મોબિલિટી અને ફ્લેક્સિબિલીટી તરફ દોરી શકે છે. કેટલાક અભ્યાસો સાંધામાં થતા ફેરફારોને બેરોમેટ્રિક પ્રેશર, સૂકી હવા અને શિયાળાને લગતી અન્ય સમસ્યાઓમાં થતા ફેરફારો સાથે પણ સાંકળે છે. જો તમે પણ શિયાળાની કડકડતી ઠંડીના લીધે થતા દુખાવાથી પરેશાન છો તો અહીં અમે તમને ૮ ટીપ્સ જણાવી રહ્યા છીએ. જે તમને આ સમસ્યામાંથી થોડી રાહત આપશે. શિયાળાની ઋતુ આપણને સુસ્તી અને આળસનો અનુભવ કરાવે છે. પરંતુ ઠંડીમાં પણ તમારે તમારા શરીરને એક્ટિવ રાખવું જોઈએ. જો શક્ય હોય તો જીમ પણ જોઈન કરી શકો છો. તમારા શરીરને એક્ટિવ અને તંદુરસ્ત રાખવા માટે લો ઈમ્પેક્ટ એક્ટિવિટી, ગરમ પૂલમાં ઈન્ડોર સ્વિમિંગ, યોગ અથવા પિલાટેસ સાથે સ્ટ્રેચિંગ, ફાસ્ટ વોકિંગ અને વેઈટ ટ્રેનિંગ કરી શકો છો. શિયાળામાં તમારું વજન વધે નહીં તેનું ધ્યાન રાખો. હેલ્થી રૂટિન અને એક્સરસાઈઝ દ્વારા તમારા વેઈટને મેનેજ કરવાનો આગ્રહ રાખો. કારણે થોડું વધારે વજન પણ તમારા ઘૂંટણ અને અન્ય સાંધાઓને અસર કરે છે. વજનને મેનેજ રાખવા માટેની સૌથી સરળ ટ્રિક છે આ નિયમ- “તમે કેટલી કેલેરીઝ અંદર લો છો અને કેટલી કેલેરી બર્ન કરો છો.” શક્ય હોય તો ૫૦૦ કેલેરીને તમારા ડાયટમાં ઘટાડી અને હેલ્થી ડાયટ ફોલો કરો. જ્યારે પણ તમે બહાર જાઓ ત્યારે ગરમ કપડા વડે તમારા સંપૂર્ણ શરીરને યોગ્ય રીતે કવર કરી લો. આંગળીઓ ઠંડી રહેવાથી તમને દુખાવો થઇ શકે છે. હંમેશા તમારા બેગ કે કારમાં ગ્લોવ્સની એક જોડી રાખો. જ્યારે તમે ઘરમાં હોય ત્યારે પોતાને ગરમ અને આરામદાયક વાતવરણમાં રાખો. ઘણા લોકો હીટિંગ પેડ અથવા ગરમ પાણીનો ઉપયોગ કરીને સાંધાના દુખાવાને દૂર કરવાનો પ્રયાસ કરે છે.

# ઠંડીમાં ચહેરો લાલ થઇ જાય છે? સોજો આવે છે? તો ફટાફટ આ ૨ કામ કરો



ઠંડીમાં ત્વચા લાલ થઈ જાય છે ક્યારેક સોજો પણ આવી જાય છે. ઠંડીમાં સ્કિન ખરાબ થવાનું એક કારણ બ્લડ સર્કુલેશન પણ હોઈ શકે છે. આમ, સ્કિન ડેમેજ થઈ જાય છે. ઘણાં લોકોને ઠંડીમાં ચહેરો લાલ થઈ જાય છે અને સોજા પણ આવી જાય છે. આમ, તમને પણ આ સમસ્યા છે તો આ ટિપ્સ તમારા માટે બહુ કામની છે. આ ટિપ્સથી તમે રેગ્યુલર ફોલો કરશો તો સ્કિન લાલ નહીં થાય અને સોજા પણ નહીં આવે. આ ટિપ્સ માત્ર ૨ જ છે તમારે પરફેક્ટ રીતે ફોલો કરવાની રહેશે. ઠંડીમાં તમારો ચહેરો લાલ થઈ જાય છે અને ચહેરા પર સોજા આવી જાય છે તો હુંફાળા પાણીથી ચહેરો ધોવાની આદત પાડો. આમ કરવાથી રેડનેસ ઓછી થઈ જશે અને થોડા દિવસમાં ચહેરા પર આની અસર દેખાશે. આમ, સોજો પણ ઓછો કરવામાં મદદ કરે છે. આ માટે સામાન્ય હળવુ પાણી ગરમ કરી લો અને આમાં થોડુ ઠંડુ પાણી મિક્સ કરો. પાણી નોર્મલ હુંફાળુ હોય તો આનાથી ફેસ ધોઈ લો. આ પ્રકારે તમે ચહેરાની રેડનેસ અને સોજા આવતા સોજા કરી શકો છો. એક વાતનું ખાસ ધ્યાન એ રાખો કે પાણી વધારે ગરમ લેવાનું નથી. વધારે ગરમ પાણી સ્કિનને નુકસાન કરે છે.

ઠંડીમાં ચહેરા રેડનેસ અને સોજા દૂર કરવા માટે એલોવેરા જેલ લગાવો. આ રેડનેસ પર સૌથી વધારે કામ કરે છે અને ત્વચાને અંદરથી શાંત કરે છે. બીજુ એ છે કે એલોવેરા જેલમાં એન્ટી ઈન્ફ્લેમેન્ટરી ગુણ હોય છે જે ફેસ પર આવતા સોજાને ઓછા કરી શકે છે અને ચહેરા મસ્ત બનાવે છે.

આ બન્ને ઉપાયો તમે ચહેરા પર કરો છો તો આપોઆપ રેડનેસ અને સોજા ઓછા થઈ જશે. એલોવેરામાં એન્ટી-ઈન્ફ્લેમેન્ટરી પ્રોપર્ટી મોજૂદ હોય છે. સાથે સાથે તે ડેડ સ્કિન હટાવવામાં પણ મદદ કરે છે. એલોવેરાના બહારના ભાગને છીણીને જેલ કાઢી લો. ડાઘવાળા એરિયા પર સર્ક્યુલર મોશનમાં મસાજ કરો.

૩૦ મિનિટ બાદ તેને ધોઈ લો, તેને ક્યારેય ખુલ્લા ઘા પર ના લગાવો. ચહેરા અથવા બોડી પરના ડાઘ-ધબ્બા ઘણીવાર શરમનું કારણ બને છે. બળતરા, કાપ, વાગ્યાના નિશાન, અકસ્માત અથવા કોઈ બિમારીના કારણે થયેલા ડાઘ સિવાય કેટલાંક લોકોના શરીર પર બાળપણથી જ કેટલાંક રહી જાય છે. તમે ગમે તેટલી મોંઘી ક્રીમનો ઉપયોગ કેમ ના કરી લો, પરંતુ જે અસર ઘરેલુ નુસખામાં હોય છે, તે કોઈ ક્રીમમાં નથી હોતી. સૌથી મોટી વાત એ છે કે, આ ઘરેલુ નુસખામાં કોઈ સાઈડ ઈફેક્ટનો ડર નથી રહેતો. ના તો વધારે પૈસા ખર્ચ થાય છે.

# આ સસ્તું ફળ વજન ઘટાડવામાં મદદરૂપ

ભારતમાં મોટાપાયે પપૈયાની ખેતી તેમજ પપૈયાનું સેવન કરવામાં આવે છે, જે પોષક તત્વોથી ભરપૂર છે. પપૈયાનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભદાયી છે, પપૈયાના સેવનથી અનેક રોગો દૂર થાય છે, શિયાળામાં પણ પપૈયાનું સેવન કરી શકાય છે, શિયાળાના સેવનથી થતાં ફાયદા વિશે હજારીબાગના જિલ્લા આયુષ અધિકારીએ જણાવ્યું છે.

ભારતમાં અનેક પ્રકારના ફળોની ખેતી કરવામાં આવે છે, જે પૈકી પપૈયું મુખ્ય ફળોમાંનું એક છે. ભારતના ગ્રામીણ વિસ્તારોમાં મોટાપાયે પપૈયાની ખેતી કરવામાં આવે છે. આ ઉપરાંત, લોકો ઘરમાં પણ પપૈયાનું વૃક્ષ ઉગાડતા હોય છે. પપૈયાને હેલ્ધી ફળ માનવામાં આવે છે, જેના કારણે લોકો ખૂબ જ ઉત્સાહથી પપૈયાનું સેવન કરવાનું પસંદ કરે છે, સામાન્ય રીતે ઉનાળાની ઋતુમાં પપૈયું ખાવાનું પસંદ કરે છે. જો કે, પપૈયું ઉનાળાની સાથે સાથે શિયાળાની ઋતુમાં પણ ખૂબ જ ફાયદાકારક છે.



પપૈયું શરીરના અનેક રોગોને દૂર કરે છે. પપૈયાના સેવનથી આપણને અનેક પોષક તત્વો મળી રહે છે. પપૈયું ફાઈબર્સ, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, વિટામિન C, વિટામિન B 9, પોટેશિયમ અને મેગ્નેશિયમનો ઉત્તમ સ્ત્રોત છે. આ ઉપરાંત, પપૈયામાં તેમાં વિટામિન B1, વિટામિન B3, કેલ્શિયમ, વિટામિન B5, વિટામિન E અને વિટામિન K જેવા પોષક તત્વો જોવા મળે છે, જે સ્વાસ્થ્ય માટે અમૃત સમાન છે. પપૈયું પેટના રોગ માટે સૌથી અસરકારક ફળ છે, તેના સેવનથી પેટ સંબંધિત તમામ સમસ્યાઓ દૂર થાય છે.

પપૈયામાં પપૈન નામનું એન્ઝાઈમ હોય છે, જે પાચન તંત્રને સારું બનાવે છે. ખાલી પેટે પપૈયું ખાવાથી પાચન ક્રિયા સારી થાય છે આ સાથે પાચન તંત્ર પણ મજબૂત થાય છે. મરડા જેવા રોગોમાં પણ પપૈયું ખાવાની સલાહ આપવામાં આવે છે. પપૈયામાં વિટામીન C સારી માત્રામાં હોય છે, જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવાનું કામ કરે છે. નિયમિતપણે પપૈયાના સેવનથી શરીર મજબૂત થાય છે અને સાથે અનેક બીમારીઓથી તમને બચાવે છે. એક સર્વે મુજબ જે લોકો નિયમિતપણે સવારમાં ખાલી પેટે પપૈયું ખાય છે, તેઓ બીમાર ઓછા પડે છે. આજના આ સમયમાં મોટાભાગના લોકો મેદસ્વિતાથી પિડાય છે. લોકો વજન ઉતારવા ઘણી મહેનત કરતાં હોય છે. પપૈયાના સેવનથી કરચલીઓ, ખીલ, ડાઘ વગેરે થતા નથી. આ ઉપરાંત, માથા અને વાળ માટે પણ પપૈયાનું સેવન ખૂબ જ ગુણકારી છે, પપૈયાના સેવનથી માથામાં ખોડો અને ફૂગની સમસ્યા રહેતી નથી.

# ૨૧ દિવસમાં કોઈ પણ ખરાબ આદત સુધારો



દરેક ઘરના રસોડામાં અજમા ચોક્કસપણે હોય છે. શાકભાજીની સાથે પરાઠામાં અજમાનો ઉપયોગ થાય છે. અજમા ભોજનને સ્વાદિષ્ટ તો બનાવે જ છે, પરંતુ સ્વાસ્થ્યની દ્દષ્ટિએ પણ તે બેજોડ છે. અજમાને શરીરમાં થતી અનેક બીમારીઓથી રાહત અપાવવા માટે ખૂબ જ અસરકારક અને ચોક્કસ અગ્નિ માનવામાં આવે છે. અજમામાં પ્રોટીન, ફાઈબર, કેલ્શિયમ, આયર્ન ઉપરાંત આવા ઘણા પોષક તત્વો હોય છે. અજમાને પેટની સમસ્યાઓ માટે રામબાણ માનવામાં આવે છે. આ ઉપરાંત, નિયમિત ઉપયોગથી જીવનભર હિપેટાઈટિસ એટલે કે કમળાની ફરિયાદ રહેશે નહીં. જો તમે દારૂ અને સિગારેટના વ્યસનથી પરેશાન છો, તો તમે તેનો ઉપયોગ પણ કરી શકો છો. અજમાનો ઉપયોગ દરેક ઘરના રસોડામાં થાય છે. આપણે રોજ અજમાનું સેવન કરીએ છીએ, પરંતુ જો આપણે તેનો યોગ્ય રીતે અને યોગ્ય માત્રામાં ઉપયોગ કેવી રીતે કરવો તે જાણીએ તો આપણે જીવનભર હિપેટાઈટીસ એટલે કે કમળો જેવી લીવરની સમસ્યાઓથી પોતાને દૂર રાખી શકીએ છીએ. શિયાળામાં દરેક ત્રીજી વ્યક્તિ પાચન સંબંધી સમસ્યાઓથી પીડાય છે. આપણે આનાથી પણ છુટકારો મેળવી શકીએ છીએ. અજમા એક એવી દવા છે જે લીવર માટે વરદાન છે. જો તમને પણ પેટ સંબંધિત સમસ્યાઓ જેવી કે ગેસ, એસિડિટી, ખાટી ઓડકાર હોય તો તમે કોઈપણ સંકોચ વગર અજમાનો ઉપયોગ કરી શકો છો. અજમા ફ્રાય કરો અને તેને દરરોજ રાત્રે ચાવો, ખાઓ અને પછી નવશેકું પાણી પીવો. તેનાથી તમને થોડા જ દિવસોમાં રાહત મળશે. કબજિયાતની સમસ્યાને દૂર કરવા માટે પણ અજમાનો ઉપયોગ કરવામાં આવે છે. રાત્રે એક ગ્લાસ ગરમ પાણી સાથે અજમા ખાવાથી કબજિયાતમાં રાહત મળે છે. જો કોઈ વ્યક્તિ ધૂમ્રપાન અને દારૂની લતથી પરેશાન છે અને તેને છોડવા માંગે છે તો અજમા સંબંધિત આ બે ઉપાય અપનાવો. સિગારેટનું વ્યસન છોડવા માટે અજમાને કપાસની વચ્ચે રાખો અને તેને બાળી લો અને તેનો ધુમાડો શ્વાસમાં લો, તમે આ વ્યસનમાંથી છૂટકારો મેળવી શકો છો. જો તમને આલ્કોહોલ પીવાનું મન થાય છે, તો તમારા મોંમાં એક ચમચી અજમા મૂકો અને તેને ચૂસતા રહો, જ્યાં સુધી દારૂ પીવાની ઈચ્છા દૂર ન થઈ જાય.

BOLLYWOOD NEWS FLASH

# છૂટાછેડાના સમાચાર પર અભિષેક બચ્ચન કેમ ચૂપ?



। મુંબઈ ।

બોલિવૂડ એક્ટર અભિષેક બચ્ચન ઈન્ડસ્ટ્રીના એવા થોડા લોકોમાંથી એક છે જે વિવાદોથી દૂર રહે છે. તે તમામ કલાકારો સાથે સારા સંબંધો ધરાવે છે અને તેના પારિવારિક જીવનનો આનંદ માણવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આમ હોવા છતાં, અભિષેક બચ્ચનના લગ્ન જીવન વિશે સમયાંતરે નકારાત્મક સમાચાર આવતા રહે છે, જેમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે તેના અને ઐશ વચ્ચે બધું બરાબર નથી ચાલી રહ્યું અને તેઓ હવે જલદી છૂટાછેડા લેવાના છે. ઘણા લોકોને આશ્ચર્ય થાય છે કે પાણી માથા ઉપર હોવા છતાં અભિષેક અને ઐશ્વર્યા ચૂપ કેમ રહે છે? જો તમને પણ આ વાત નથી સમજાતી તો તમને જણાવી દઈએ કે આનું કારણ છે ઐશ્વર્યા છે. વાસ્તવમાં, અભિષેકે એક ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું હતું કે ઐશ્વર્યા તેને એટલી સલાહ આપી છે કે તે આવા સમાચારો પર ધ્યાન ના આપવું જોઈએ. અભિષેક બચ્ચનના આ અંગે કહ્યું હતુ કે તેણે કહ્યું કે “તે બતકની પીઠ પરથી પાણી કાઢવા જેવું છે,” તેણે કહ્યું. મતલબ કે કોઈને મળેલી ટીકા કે નકારાત્મકતા તેને મળેલા પ્રેમ અને વખાણ કરતાં ઘણી વધારે હોય છે.તેણે કહ્યું કે, ‘ઐશ્વર્યા રાય બચ્ચન એ મને એકવાર કહ્યું હતું કે જ્યારે તમે ફેમસ થાઓ છો, ત્યારે તમારા વિશે નકારાત્મક અને સકારાત્મક બાબતો ફેલાતી રહે છે. તમારે ફક્ત સકારાત્મક બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને લોકો તરફથી તમને મળતા પ્રેમનો સ્વીકાર કરવો જોઈએ. નકારાત્મક બાબતો પર ધ્યાન આપ્યા વિના આગળ વધતા રહો અને જીવનનો આનંદ માણો અને અભિષેક તેની પત્ની ઐશની આ સલાહને અનુસરે છે.

# અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ એક્ટિંગ સ્કૂલમાંથી શીખ્યો ડાન્સ



। મુંબઈ ।

પ્રિયંકા ચોપરાએ બોલિવુડથી લઈને હોલીવુડ સુધી પોતાનું નામ કમાવ્યું છે. હવે લોકો તેને ગ્લોબલ એક્ટ્રેસ તરીકે ઓળખે છે. તેના લુકથી લઈને તેણે એક્ટિંગ સુધી ઈન્ડસ્ટ્રીમાં પોતાનું ટેલેન્ટ સાબિત કર્યું છે. હાલમાં આ દરમિયાન પ્રિયંકાનો એક થ્રોબેક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે ડાન્સ કરતી જોવા મળી રહી છે. સોશિયલ મીડિયા પર લોકો તેને લાઈક, શેર અને કોમેન્ટ કરી રહ્યા છે. તમે જાણો આ રેયર વીડિયોમાં શું છે જે આટલો વાયરલ થઈ રહ્યો છે. પ્રિયંકા ચોપરા તેના આ જૂના વીડિયોમાં ડાન્સની પ્રેક્ટિસ કરતી જોવા મળી રહી છે. આ ક્લિપ મુંબઈમાં તેની કિશોર નમિત કપૂર એક્ટિંગ ઈન્સ્ટિટ્યૂટની છે. જે વર્ષો પછી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં પ્રિયંકાએ બ્લૂ ટોપ સાથે ટ્રેક પેન્ટ પહેર્યું છે. આ સિવાય તમે ક્લિપમાં જોઈ શકો છો કે એક્ટ્રેસ કેટલી યંગ જોવા મળી રહી છે. પોનીટેલમાં પ્રિયંકાના આ રેયર વીડિયો પર લોકો અલગ-અલગ પ્રતિક્રિયા આપી રહ્યા છે. વીડિયોમાં એક્ટ્રેસ ડાન્સ કરતી વખતે હસતી જોવા મળે છે. આ રીતે મસ્તી અને મજાક કરતા પ્રિયંકાએ મોટું નામ બનાવી લીધું છે. કોમેન્ટ બોક્સમાં ફેન્સ કહે છે કે તેની પાસે શરૂઆતથી જ સ્ટાર ક્વોલિટી હતી.

# શ્વેતા શર્માએ હદથી વધારે નાનકડો ડ્રેસ પહેરીને ઇન્ટરનેટ પર લગાવી આગ

। મુંબઈ ।

શ્વેતા શર્માનો નવો લુક સામે આવતાની સાથે સોશિયલ મિડીયામાં છવાઈ ગયો છે. શ્વેતાની આ હોટ તસવીરો ફેન્સ શેર કરી રહ્યા છે. જો કે આ તસવીરોમાં તમે એક્ટ્રેસે કેવા સુપર હોટ પોઝ આપ્યા છે એ તમે જોઈ શકો છો. શ્વેતા એકથી એક હટકે પોઝ આપીને લોકોને ઘાયલ કરતી જોવા મળી રહી છે. શ્વેતા કોઈ સિમ્પલ પોઝ આપે છે તો કોઈ તસવીરમાં ચશ્મા પહેરીને હોટ પોઝ આપતા જોવા મળી રહી છે. એક્ટ્રેસે પોતાના ચશ્માની ફ્રેમ પણ વ્હાઈટ ડ્રેસની સાથે મેચ કરી છે. ચશ્મા શ્વેતાના લુકમાં ચાર ચાંદ લગાવવાનું કામ કરે છે. શ્વેતાના ચશ્મા પણ તમને એક નજરે ગમી જાય એવા છે. શ્વેતા પોતાની આગવી અદાઓથી જાણીતી છે. શ્વેતા શર્માનો નવો લુક સામે આવતાની સાથે સોશિયલ મિડીયામાં છવાઈ ગયો છે. શ્વેતાની આ હોટ તસવીરો ફેન્સ શેર કરી રહ્યા છે. જો કે આ તસવીરોમાં તમે એક્ટ્રેસે કેવા સુપર હોટ પોઝ આપ્યા છે એ તમે જોઈ શકો છો. શ્વેતા એકથી એક હટકે



પોઝ આપીને લોકોને ઘાયલ કરતી જોવા મળી રહી છે. શ્વેતા શર્માની આ તસવીરમાં તમે જોઈ શકો છો કે એ પોતાના ટોન્ડ લેગ્સ ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે. શ્વેતા શર્મની આ તસવીરમાં એનો બોલ્ડ અંદાજ જોવા મળી રહ્યો છે. ટોન્ડ લેગ્સ બતાવવા માટે શ્વેતા પોતાની સ્ટાઈલ પણ બદલી છે. આમ, શ્વેતાએ પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે વાળ છૂટ્ટા રાખ્યા છે. આ સાથે ગળામાં કોઈ એસેસરીઝ પહેરી નથી. શ્વેતા શર્મા આ તસવીરમાં મસ્ત લાગી રહી છે. શ્વેતા શર્માની સ્માઈલ ફેન્સનું દિલ જીતી લે એવી છે. એક્ટ્રેસે લોન્ગ ઈયરરિંગ્સ પહેરીને પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે. આમ, વાત કરવામાં આવે તો શ્વેતા પોતાની ડાન્સની અદાઓથી લોકોને ઘાયલ કરી દે છે.

# બોબીને ફેન્સે કહ્યું હવે લોર્ડને Z સિક્યોરિટી આપો



। મુંબઈ ।

ફિલ્મ એનિમલ બાદ બોબી દેઓલની દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે. આ ફિલ્મથી તેને શાનદાર કમબેક મળ્યું છે. આ ફિલ્મમાં બોબીનો નાનો રોલ એટલો પસંદ કરવામાં આવ્યો કે રણબીર કપૂર કરતા તેની ચર્ચા ચારેબાજુ થવા લાગી. નેગેટિવ રોલમાં પણ લોકોને બોબી ઉત્તમ લાગ્યો. આ ફિલ્મ બાદ ફરી એકવાર તેને ફેન્સનો અઢળખ પ્રેમ મળી રહ્યો છે. આ દરમિયાન બોબીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વાયરલ થઈ રહેલા વીડિયોમાં બોબી દેઓલ એરપોર્ટની બહાર નીકળતો જોવા મળી રહ્યો છે. પરંતુ તે સિક્યોરિટી વગર પોતાની કાર તરફ જતો જોવા મળે છે. ત્યાં હાજર લોકોએ બોબીને જોયો કે તરત જ એક્ટરને ઘેરી લીધો. તેમના ફેવરેટ એક્ટર સાથે સેલ્ફી લેવા માંગતા ઘણા ફેન્સ ત્યાં પહોંચ્યા અને બોબી સાથે તસવીરો ક્લિક કરાવવા લાગ્યા. એક પછી એક ફેન આવતા અને ફોટા ક્લિક કરતા રહ્યા. બોબીએ પણ તેના ફેન્સને નિરાશ કર્યા નથી. તેને ન તો કોઈ પર ગુસ્સો કર્યો અને ન તો કોઈને સેલ્ફી લેતા રોક્યા. બોબી દેઓલની આ સ્ટાઈલ તેના ફેન્સને ઘણી પસંદ આવી રહી છે.

યુઝર્સ તેના વીડિયો પર કોમેન્ટ્સ દ્વારા તેના વખાણ કરી રહ્યા છે. એક યુઝરે કમેન્ટ કરી કે તે આના હકદાર છે. એક યુઝરે કહ્યું કે તે ડિઝર્વ કરે છે. અન્ય એક યુઝરે લખ્યું કે હવે લોર્ડ બોબીને ઢ સિક્યોરિટીની જરૂર છે. સંદીપ રેડ્ડી વાંગાની એનિમલમાં બોબી દેઓલ અબરારના રોલમાં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં બોબીનો એક પણ ડાયલોગ નથી. પરંતુ અવાજ વિનાનું પાત્ર ભજવીને પણ તે દરેકના મન પર પોતાની છાપ છોડવામાં સફળ રહ્યો. હાલમાં જ એવી ચર્ચા થવા લાગી હતી કે એનિમલ પાર્કમાં બોબીનું પાત્ર ફરી એકવાર ફરી જીવંત થઈ શકે છે. જો આવું થશે તો તેના ફેન્સ માટે આ એક સારા સમાચાર હશે.

# ૯મીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી અકેતાનગર ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

## ૧૮-દેશના ૩૪ અને ભારતના ૧૭ મળી કુલ ૫૧ પતંગબાજોના અવનવા કરતબો સ્ટેચ્યુ ઓફ યુવિટી રેવાના તીરે વ્યૂ-પોઈન્ટ ખાતે જોવા મળશે



। (માહિતી) નર્મદા, તા.૬ ।

નર્મદા જિલ્લા વહિવટીતંત્ર, ગુજરાત પ્રવાસન નિગમ-ગાંધીનગર અને જીના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૦૯ મી જાન્યુઆરી,૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૯-૦૦ કલાકે સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર આઈકોનિક સ્થળ ખાતે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૪" યોજાનાર છે, જેની પૂર્વ તૈયારીઓ અને સુચારા આયોજન અમલવારી અંગે જિલ્લા કલેકટર શ્રીમતી શ્વેતા તેવતિયાના અધ્યક્ષપદે આજે રાજપીપલા કલેક્ટરાલય ખાતે યોજાયેલી બેઠકમાં આયોજન સાથે સંકળાયેલા જુદા-જુદા વિભાગોને સોંપાયેલી કામગીરી-જવાબદારીઓ અને ફરજો સંદર્ભે વાકેફ કર્યા હતા. ગત વર્ષે સુંદર આયોજન થયું હતું તેજ પ્રમાણે આ વર્ષે પણ લગન અને નિષ્ઠાથી કાર્યક્રમ પાર પાડવા અનુરોધ કર્યો હતો. આ ઉજવણીમાં વિદેશના પતંગબાજોને કાયમી યાદગાર બની રહે તે રીતે સફળ બનાવવા અંગે ઉપયોગી માર્ગદર્શન અને જરૂરી સૂચનાઓ આપી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે યોજાનારા આ "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૪" પ્રસંગે ગુજરાત સહિત દેશભરના વિવિધ રાજ્યો તેમજ દેશ-વિદેશના પતંગબાજો આ પ્રસંગે ઉપસ્થિત રહી મહોત્સવમાં સહભાગી બનશે. તેમની રહેવા-જમવાની અને આનુસાંગિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, ક્રાઉડ મેનેજમેન્ટ, મહાનુભાવોની બેઠક વ્યવસ્થા, લાઈટ-પાણી, આરોગ્ય, રિફ્રેશમેન્ટ વગેરે બાબતોની સમીક્ષા કરાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુ, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.કે.ઉંધાડ, SOUADTGAના નાયબ કલેકટશ્રી દર્શક વિઠલાણી અને ગુજરાત પ્રવાસન નિગમ (TCGL)ના અધિકારીએ પણ બેઠક દરમિયાન કાર્યક્રમની વ્યવસ્થાને અનુરૂપ વિવિધ સુચનો સાથે જરૂરી ચર્ચાઓ કરી હતી. આ મહોત્સવથી દેશ-વિદેશના પતંગબાજોના અવનવા પતંગોના કરતબો માણવાના અદભૂત અવસરનો લાભ લેવાની સોનેરી તક મળી રહેશે.

# રાપર તાલુકાના આડેસરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત નાગરિકોને વિવિધ યોજનાથી લાભાન્વિત કરાયા



(માહિતી)
। ભુજ, તા.૬ ।

વિકસિત ભારત સંકલ્પ યાત્રા કચ્છ જિલ્લાના ગામે ગામ ભ્રમણ કરીને સરકારશ્રીની લોકકલ્યાણકારી યોજનાઓની ભેટ આપી રહી છે ત્યારે રાપર તાલુકાના આડેસર ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ પહોંચ્યો હતો અને લોકોને લાભાન્વિત કરાયા હતા.

ધારાસભ્યશ્રી વિરેન્દ્રસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયેલો કાર્યક્રમમાં આયુષ્માન કાર્ડ, પીએમ કિસાન સન્માન નિધિ, ઉજ્જવલા યોજના, આવાસ યોજના, સોઈલ હેલ્થ કાર્ડ, આઈ.સી.ડી.એસ, રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાની યાદીમાં અગ્રતા ધરાવતા કુટુંબોનો સમાવેશ સહિતના લાભ લોકોને આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ લોકોને સરકારી યોજનાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં ગ્રામજનોએ પ્રધાનમંત્રીશ્રીનો વીડિયો સંદેશ નિહાળ્યો હતો.

ઉપરાંત મેરી કહાની મેરી જુબાની હેઠળ લાભાર્થીઓએ સરકારશ્રીની યોજનાઓ થકી તેમને મળેલા લાભો અંગે પોતાના અનુભવો વર્ણવી સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.. આ પ્રસંગે ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ લીધા હતા. આ પ્રસંગે અદ્યતન ડ્રોન ટેક્નોલોજીથી પાકમાં સરળતાથી નેનો યુરિયાના છંટકાવની પ્રક્રિયા અંગેના ડેમોનું ખેડૂતોએ જાતનિરિક્ષણ કર્યુ હતુ. આ પ્રસંગે અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ઝાલોદ નગરની બી.એમ.હાઇસ્કૂલમા સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજવામાં આવ્યો

# સ્પર્ધાના સૌજન્ય તરીકે અક્ષર એજન્સી ઝાલોદ અને સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્ર ઝાલોદ દ્વારા વિજેતાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

ઝાલોદ નગરની બી.એમ.હાઈસ્કુલ ખાતે ધોરણ ૯ ના ૪૬ બાળકોએ પ્રાર્થના સભા પછી સૂર્ય નમસ્કાર પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. આ પ્રોગ્રામ અક્ષર ન્યૂઝ એજન્સીના પ્રોપરાઈટર અગ્નેશ પંચાલ અને દિવ્ય ભાસ્કર પેપરના પત્રકાર સહલ ગુડાલાના સૌજન્ય થી યોજવામાં આવ્યો હતો. નિયમબધ્ધ રીતે સૂર્ય નમસ્કાર કરનાર વિધાર્થીઓને રોકડ પુરસ્કાર તેમજ સ્વામી વિવેકાનંદ પુસ્તકનું સેટ આપવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ નંબર શર્મા કીર્તિકા પ્રેમભાઈ, બીજા નંબર પર ચૌહાણ જવલ તુલસીદાસ અને ત્રીજા નંબર પર જૈન નિકુંજ અનિલભાઈ આવેલ હતા. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિધાર્થીઓને પેન આપી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેળવણી મંડળના પ્રમુખ દિલીપ પટેલ, મંત્રી હસમુખ પટેલ, સહમંત્રી દિનેશ પંચાલ તેમજ કાર્યક્રમના સૌજન્ય અક્ષર ન્યૂઝ એજન્સી એજન્ટ અગ્નેશ પંચાલ, પત્રકાર સહલ ગુડાલા આચાર્ય મિત્તુલ પટેલ, સુપરવાઈઝર મૂકેશ ચારેલ, સાસ્વત બહેનો અને વિધાર્થીઓ એ ભાગ લઈ પ્રોગ્રામ સફળ બનાવ્યો હતો.

# રાજકોટ તાલુકાના ફાડદંગ ગામમાં યોજાયેલ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'માં ટી.બી. તથા સિકલસેલ એનીમિયાનુ સ્ક્રીનીંગ કરાયું



। (માહિતી) રાજકોટ, તા.૬ ।

રાજકોટ તાલુકાના ફાડદંગ ગામના લોકોને વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓના ઘર આંગણે લાભ આપવા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો રથ આવી પહોંચતા લોકો દ્વારા તેનું ઉમંગસભર સ્વાગત કરાયું હતું આ સાથે વિવિધ લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ, પી.એમ.ઉજજવલા તેમજ અન્ય યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ તકે આરોગ્ય કેમ્પ યોજાયો હતો જેમાં ગ્રામજનોની સામાન્ય આરોગ્ય તપાસ સાથે વિશેષ ટી.બી. તથા સિકલસેલ એનીમિયાનુ સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. સરકારશ્રીની આયુષ્માન ભારત યોજનાનો લાભ મેળવનાર લાભાર્થી નાનુબેન વાળાએ 'મેરી કહાની મેરી જુબાની' અંતર્ગત સરકારની કલ્યાણકારી યોજનાથી થયેલા લાભ અંગે પોતાની કહાની રજૂ કરી હતી. મહત્વનું છે કે, આ ગામ પંચાયતમાં જલજીવન મિશન, જનધન યોજના અને જમીન રેકોર્ડ ડિજીટાઈઝેશનની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થઈ છે. તદુપરાંત હર ઘર શૌચાલયથી સજજ હોવાની સાથે હર ઘર જલ મિશનની ૧૦૦% કામગીરી બદલ તેને અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. અવસરે લોકોએ દેશની એકતા, અખંડિતતા અને સંપ્રભુતા જાળવી રાખવા સાથે દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા માટે પુરુષાર્થ કરવાનો સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમમાં સરપંચશ્રી કાજલબેન કથીરીયા, ઉપસરપંચશ્રી વિજયભાઈ, તલાટી કમ મંત્રીશ્રી એન.એચ.વ્યાસ તથા વિસ્તારના અગ્રણીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જુનાગઢ જિલ્લામાં પીએમ જનમન અંતર્ગત કામગીરી હાથ ધરવામાં આવી



(માહિતી)
। જુનાગઢ, તા.૬ ।

આદિવાસી સમુદાયના લોકોને સરકારની વિવિધ યોજનાઓના લાભ આપવા માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પીએમ જનમન કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં વિવિધ ૯ મંત્રાલય દ્વારા જનજાતિ આદિવાસી સમુદાયના પરિવારોને પાયાની જરૂરિયાતો પૂરી પાડવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જુનાગઢ જિલ્લામાં પણ આ યોજના અને અભિયાન અંતર્ગત કલેકટર શ્રી અનિલ રાણાવસિયાના માર્ગદર્શનમાં વિવિધ સંબંધિત સંકળાયેલા વિભાગો કચેરી દ્વારા યોજનાકીય સર્વેક્ષણ અને લાભાર્થીને લાભો મળે તે માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આગામી ૧૫ જાન્યુઆરીના રોજ દેશના વિવિધ પ્રાંતમાં- જિલ્લાઓમાં કાર્યક્રમ યોજવાના છે જે અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં પણ જિલ્લા કક્ષાના કાર્યક્રમનું આયોજન હાથ કરવામાં આવ્યું છે.

# ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના યુવક મહોત્સવ-અવસર પંચમનું સમાપન


## રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યુવક મહોત્સવના સ્પર્ધકોને ઇનામ વિતરણ કરાયું



। (માહિતી) જૂનાગઢ, તા.૬ ।

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના યુવક મહોત્સવ- અવસર પંચમમાં રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યુવા મહોત્સવમાં વિજેતા સ્પર્ધકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

ચાપરડા ખાતેના શ્રી બ્રહ્માનંદ વિદ્યાધામ ખાતે આયોજિત યુવક મહોત્સવમાં સંબોધન કરતા મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ જ્ઞાતિવાદ, પ્રાંતવાદ અને ભાષાવાદથી ઉપર ઉઠી રાષ્ટ્રવાદ આત્મસાદ કરવા અનુરોધ કરતા કહ્યું કે, જીવનમાં તણાવથી દૂર રહેવા આપણા શાસ્ત્રો અને શ્રીમદ ભગવત ગીતામાં જીવન મંત્રો આપવામાં આવ્યા છે. ત્યારે જીવનમાં આવતા પડકારો સામે સિદ્ધાંતો નહીં પણ કાર્ય પદ્ધતિ બદલવી જોઈએ. આ સાથે તેમણે વિદ્યાર્થીઓને દયા, પ્રેમ કરુણા, નમ્રતા જેવા ગુણો આત્મસાત કરવાની વ્યસનથી દૂર રહેવા માટે અનુરોધ કર્યો હતો. ભગવત ગીતામાં આપેલા સિદ્ધાંતો આજે નહીં તો આગામી દસકાઓમાં અગ્ર વિશ્વએ સ્વીકારવા પડશે. તેમ જણાવતા કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં આપણી સંસ્કૃતિના ધરોહર સમા સ્થળોનો કાયાકલ્પ થયો છે. અને દેશ વિકાસની



નવી ઊંચાઈઓ હાંસલ કરી રહ્યો છે. આ પ્રસંગે શ્રી મુક્તાનંદજી બાપુ, શ્રી મહેશગીરી બાપુ, કુલપતિ શ્રી ચેતન ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્મા, જિલ્લા પોલીસ વડા શ્રી હર્ષદ મહેતા સહિતના મહાનુભાવોએ પ્રાસંગિક સંબોધન કર્યુ હતું. ઉપરાંત લોકસાહિત્યકાર રાજભા ગઢવીએ આગવી શૈલીમાં લોકસાહિત્ય પીરસ્યું હતું.

આ પ્રસંગે ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતા યુનિવર્સિટીની જુદી જુદી કોલેજના આચાર્યશ્રેઓ, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રોજગારી માટે જિલ્લા બહાર ગયેલા આદિવાસી પરિવારોને ત્યાં જઈ આયુષ્માન કાઢતુ નર્મદા જિલ્લા આરોગ્ય તંત્ર

। (માહિતી) નર્મદા, તા.૬ ।

રાજ્ય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રસામાન્ય રીતે આયુષ્માન કાર્ડ કઢાવવા માટે લાભાર્થીને જરૂરી દસ્તાવેજો સાથે સંબંધિત આરોગ્ય વિભાગની કચેરીએ જવું પડતુ હોય છે. અથવા તો લાભાર્થી જો સુશિક્ષિત હોય તો ઓનલાઈન અરજી કરી આયુષ્માન કાર્ડ કઢાવી શકે છે. પરંતુ નર્મદા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પીએમ જનમન કાર્યક્રમ અંતર્ગત વિશેષ અભિયાન છેડવામાં આવ્યું છે. અર્થોપાર્જન માટે બહારના જિલ્લામાં ગયેલા આદિમજૂથના પરિવારોને તેમને ત્યાં જઈ આયુષ્માન કાર્ડ કાઢી આપવામાં આવ્યા છે. નર્મદા જિલ્લામાં સાગબારા અને દેડિયાપાડામાં વસતા કોટવાળિયા પરિવારો હાલે રોજગાર માટે, ખાસ કરીને શેરડી કાપણી માટે વલસાડ, નવસારી, સુરત, ભરૂચ અને વડોદરા જિલ્લામાં ગયા છે. તે પરિવારો પણ આ યોજનાથી વંચિત ન રહી જાય તેની ખેવના કરી ઉક્ત બન્ને તાલુકાના ૧૬૦ જેટલા આરોગ્ય કર્મીઓ દ્વારા જે-તે જિલ્લાની મુલાકાત લઈ આયુષ્માન કાર્ડ કાઢી આપવામાં આવે છે. આરોગ્યની ટીમ જિલ્લા બહાર પ્રવાસ કરી આયુષ્માન કાર્ડ કાઢી આપતા હોય તેવું આ રાજ્યનું પ્રથમ અભિયાન છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જનકકુમાર માઢકે જણાવ્યું કે, સાગબારા અને દેડિયાપાડા તાલુકાના ૧૬૦ જેટલા કોમ્યુનિટી હેલ્થ ઓફિસર, મલ્ટીપલ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કરને ૨૫-૨૫ નામોની યાદી સોંપી જે-તે જિલ્લામાં જવાની કામગીરી સોંપવામાં આવી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. આજે કામ તાણયુક્ત અને થકાવનારૂં હશે-પણ મિત્રોની સંગત તમને ખુશખુશાલ અને આરામદાયક મિજાજમાં રાખશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો. આજે તમે તમારા જીવન ની મુશ્કેલીઓ તમારા જીવનસાથી સાથે વહેંચવા માંગો છો, પરંતુ તેઓ તમને તેમની સમસ્યાઓ વિશે કહેશે અને તમને વધુ પરેશાન કરી દેશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે કામનું દોડધામભર્યું સમયપત્રક તમને ગુસ્સાવાળા સ્વભાવના કરી શકે છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. મિત્રો તથા સંબંધીઓ તમારી તરફેણ કરશે અને તમે તેમની સોબતમાં ખાસ્સા ખુશ રહેશો. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે-એના કરતાં તમારે મગજ શાંત રાખી તમારી લાગણીઓ તમારા પ્રેમી કે પ્રેમિકાને જણાવવી જોઈએ.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે લાગણીની દષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. બાળકો કેટલાક રોમાંચક સમાચાર લાવી શકે છે. રૉમાન્સ આનંદદાયક તથા અત્યંત આકર્ષક રહેશે. ખાલી સમય માં આજે તમે પોતાના મોબાઈલ ઉપર કોઈ વેબ સિરીઝ જોઈ શકો છો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે. આજ ના સમય માં તમારા માટે સમય શોધવો ખૂબ મુશ્કેલ છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આ સાહસને સફળ બનાવવા માટે પરિવારના સભ્યની મદદ લો. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યુ છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દષ્ટિકોણને વ્યાપક બનાવશે-તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. તમે જો તમારા ભાગીદારોના મતને નજરઅંદાજ કરશો તો તેઓ ધીરજ ખોઈ બેસશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો-જો તમે તમારા ગ્રુપ સાથે રહેશો તો. તમે ખુદ ને સમય આપવાનું જાણો છો અને આજે તો તમને ઘણું ખાલી સમય મળવા ની શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ઢૂંસી નાખી તેમને લાગવા દો કે તેમનું મહત્વ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. સમજદારી પૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.

**ન્યૂઝ બ્રિફ**

## યુએસમાં યુવાનો માટે ૫૦૦થી વધુ હથિયાર ખરીદવા પર પ્રતિબંધ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકામાં જાહેરમાં ગોળીબારની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે અને રોજબરોજ કોઈને કોઈ સ્કુલમાં કે જાહેર સ્થળોએ ગોળીબારની ઘટના બને છે ત્યારે હવે યુવાનો પર નવા બંદૂક કાયદામાં ૫૦૦થી વધુ પ્રકારના હથિયારો ખરીદવા પર પ્રતિબંધ લગાવ્યો છે. અમેરિકામાં છેલ્લા કેટલાક સમયથી ગોળીબારની ઘટનાઓમાં વધારો થયો છે અને આવી ઘટનાઓમાં ઘણા લોકોના જીવ ગયા છે તેમજ શાળાઓમાં ગોળીબારની ઘટના પણ બની છે ત્યાર હવે એટર્ની જનરલ મેરિક ગારલેન્ડે ગઈકાલે જણાવ્યું હતું કે નવા બંદૂક કાયદામાં યુવાનો ૫૦૦થી વધુ પ્રકારના હથિયારો ખરીદી શકશે નહીં. આ નવા કાયદા પ્રમાણે હવે કેલિફોર્નિયામાં બદૂકના માલિકો પાસે હવે એમ્યુઝમેન્ટ પાર્ક, મ્યુઝિયમ, ચર્ચ, બેંક તેમજ જાહેર ઉદ્યાનો કે અન્ય સ્થળોએ તેમની સાથે હથિયારો લઈને જઈ શકશે નહી, ભલે તેમની પાસે છુપાઈને લઈ જવાની પરમિટ હોય. આ પ્રતિબંધો આ અઠવાડિયે અમલમાં આવેલા રાજ્ય કાયદાનો ભાગ છે અને આ કાયદો તેમના માટે પણ લાગુ પડે છે.

## ઉ. કોરિયાના નેતા કીમ જોંગ ઊનની પુત્રી તેની વારસ બનશે

। સીઊલ/પ્યોગ્યાંગ, તા.૬ ।

ઉત્તર કોરિયાના નેતા કીમ જોંગ ઊનની તરૂણાવસ્થામાં રહેલી પુત્રી જુ-એ કીમની વારસ બનશે, તેવી સંભાવના દ.કોરિયાનાં જાસૂસ તંત્રે આપેલી માહિતી પરથી જાણવા મળે છે. દ.કોરિયાનાં જાસૂસી તંત્રના રિપોર્ટસ ટાંકતાં, ન્યૂયોર્ક-ટાઈમ્સે ગુરૂવારે જણાવ્યું હતું કે, ઉત્તર કોરિયાનાં મિડીયા જૂ-એને ઊનનાં સૌથી વધુ માન પામતાં, અને સૌથી વહાલાં સંતાન તરીકે જણાવે છે. દક્ષિણ કોરિયાનાં જાસૂસી તંત્રે આ સાથે સાવચેતીનો સૂર ઊચ્ચારતાં તેમ પણ કહ્યું હતું કે, કદાચ જુ-એ થી પણ નાની પુત્રી પણ ઊનની વારસ બની શકે. પરંતુ વધુ શક્યતા જુ-એની છે. ન્યૂયોર્ક ટાઈમ્સ વધુમાં જણાવે છે કે જુ-એ સૌથી પહેલાં નવેમ્બર ૨૦૨૨માં જાહેરમાં કીમ-જોંગ ઊન સાથે જોવા મળી હતી. તે સમયે તે તેના પિતાની સાથે લોંગ-રેન્જ મિસાઈલનું પરીક્ષણ જોવા માટે મંચ ઉપર હતી.મિડીયા અહેવાલો વધુમાં પિતા-પુત્રીને હાથમાં હાથ રાખી પરસ્પરનાં મુખને પ્રેમથી પંપાળતા પણ જોવા મળ્યાં હતાં. જોકે કીમ-જોંગ ઊન હજી ૪૦ વર્ષના જ છે. તેથી તત્કાલ તો તેના વારસ વિષે વિચારવાની અનિવાર્યતા પણ નથી. પરંતુ જે રીતે ઉત્તર કોરિયાના વરિષ્ઠ અધિકારીઓ અને સેનાના અધિકારીઓ પણ જુ-એને માન આપતા જોવા મળે છે.

### બેન્ક FD કરાવનારાઓ માટે ખુશખબર

# FD કરાવનારાઓ માટે લાંબા સમય સુધી વ્યાજદર ઉંચા રહેશે

### બેન્કો વચ્ચે ડિપોઝિટ ખેંચવા માટે રીતસર સ્પર્ધા ચાલે છે, તેના કારણે ઘણી બેન્કોએ FDના દરમાં ૦.૨૫ ટકાથી ૦.૫૦ ટકા સુધી વધારો કર્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારતમાં ઈન્વેસ્ટમેન્ટ માટે આજે ઢગલાબંધ સાધનો છે છતાં એક મોટો વર્ગ બેંક ફિક્સ્ડ ડિપોઝિટ પર જ ભરોસો ધરાવે છે. શેરબજાર લિંક્ડ પ્રોડક્ટમાં વધારે વળતર મળવાની શક્યતા હોવા છતાં મોટા ભાગના ભારતીયો આજે પણ એફડીમાં જ રૂપિયા મૂકવાનું પસંદ કરે છે. બેંક એફડીમાં મળતું રિટર્ન ફુગાવાના પ્રમાણમાં ઓછું હોવાથી તેમાં સરવાળે નુકસાન જાય છે તેવી દલીલ કરવામાં આવે છે. પરંતુ હાલની સ્થિતિ જોતા લાગે છે કે બેંક એફડી માટે વ્યાજના દર હજુ પણ ઉંચા રહેશે. એક્સપર્ટ માને છે કે મજબૂત ક્રેડિટ ગ્રોથ, લિક્વિડિટીની ચુસ્ત સ્થિતિ અને ફંડ્સ માટે બેંકો વચ્ચે ગળાકાપ સ્પર્ધાના કારણે ફિક્સ્ડ ડિપોઝિટના દર ઊંચા રહેશે. એસબીઆઈ અને કોટક મહિન્દ્રા બેંકે તાજેતરમાં તેમના **Bank FD**ના રેટમાં વધારો કર્યો છે. જ્યારે ડીસીબી બેંકે ચોક્કસ સમયગાળા માટે બેંક એફડીના દર વધાર્યા છે.

તરલતાની ચુસ્ત સ્થિતિના કારણે બેંકોએ રેટમાં વધારો કરવો પડ્યો છે. હાલમાં મોટી બેંકો તથા સ્મોલ ફાઈનાન્સ બેંકો તેમના ફિક્સ્ડ ડિપોઝિટના રેટ વધારી રહી છે જેથી કરીને વધુને વધુ લોકો ત્યાં એફડી બૂક કરાવે. ગયા સપ્તાહમાં એસબીઆઈએ ચોક્કસ સમયગાળા માટે તેના એફડીના દરમાં ૦.૨૫ ટકાથી ૦.૫૦ ટકા સુધી વધારો કર્યો હતો. હવે એસબીઆઈ ૪૦૦ દિવસની એફડી માટે ૭.૧૦ ટકા વ્યાજદર ઓફર કરે છે. આ સ્કીમ ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી અમલમાં રહેશે. તેવી જ રીતે કોટક મહિન્દ્રા બેંકે પણ ચોક્કસ એફડીના દરમાં ૦.૫૦ ટકાથી ૦.૭૫ ટકા સુધી વધારો કર્યો છે. દરમિયાન ડીસીબી બેંક જેવી નાની બેંકે તેના એફડીના દરમાં ૧૦ બેસિસ પોઈન્ટનો વધારો કરતા નવા વ્યાજના દર ૭.૮૫ ટકા છે. આ એફડી ૧૨ મહિના અને ૧ દિવસથી લઈને ૧૨ મહિના અને ૧૦ દિવસની મુદત માટે છે. ૨૫ મહિનાથી ૨૬ મહિના સુધીની એફડી માટે વ્યાજનો દર વધારીને ૮ ટકા કરવામાં આવ્યો છે. બેંકો વચ્ચે અત્યારે ડિપોઝિટ આકર્ષવા માટે કોમ્પિટિશન ચાલે છે જેના કારણે તેમણે **Bank FD**ના દર વધારવા પડ્યા છે. હાલમાં ડિપોઝિટ ગ્રોથ વધ્યો છે, છતાં ક્રેડિટ ગ્રોથની તુલનામાં હજુ ઘણો પાછળ છે. એવું લાગે છે કે હજુ લાંબા ગાળા માટે બેંકોએ એફડીના દર ઉંચા રાખવા પડશે. અત્યારે પણ કેટલીક સ્મોલ ફાઈનાન્સ બેંકો સહેલાઈથી ૮.૫૦ ટકાથી લઈને ૯ ટકા સુધી વ્યાજદર ઓફર કરે છે. તેમાં પણ સિનિયર સિટિઝન માટે વધુ ૦.૫૦ ટકા વ્યાજદર રાખવામાં આવે છે. બેંકિંગ સેક્ટરમાં લિક્વિડિટીનું પ્રમાણ ઓગસ્ટમાં ૨.૫૦ લાખ રૂપિયા સુધી સરપ્લસ હતું. પરંતુ સરકારે ૨૦૦૦ રૂપિયાની નોટ પાછી ખેંચી લીધી ત્યાર પછી લિક્વિડિટીમાં ૧.૨૦ લાખ કરોડની ઘટ પછી છે. ત્યારે બેંક ઓફ બરોડાના દર ૬.૮૫ ટકાની આસપાસ છે જ્યારે કોટક બેંકના ૩૯૦ દિવસના ફિક્સ્ડ ડિપોઝિટના દર ૭.૧૫ ટકા ચાલે છે.

### આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થીઓને બખ્ખાં

## આઈઆઈટી બોમ્બેના ૮૫ છાત્રોને કરોડ રુપિયાનું પેકેજ

### ૬૩ને આંતરરાષ્ટ્રીય ઓફર, ૧,૧૮૮ છાત્રોને નોકરી મળી

। નવી દિલ્હી, તા.૬ ।

આઈઆઈટીબોમ્બેના ૮૫ વિદ્યાર્થીએ કેમ્પસ પ્લેસમેન્ટમાં એક કરોડ રૂપિયાનું પેકેજ મેળવ્યુ છે જ્યારે ૬૩ને આંતરરાષ્ટ્રીય ઓફર મળી છે. સંસ્થાએ કહ્યુ કે આ સીઝનમાં કેમ્પસની મુલાકાત લેનારા કેટલાક ઉચ્ચ નોકરીદાતાઓમાં એક્સેંચર, એરબસ, એર ઈન્ડિયા, એપલ, આર્થર ડી. લિટલ, બજાજ, બાર્કલેજ, કોહેસિટી, દા વિંચી, ડીએચએલ, ફુલર્ટન, ફ્યૂચર ફર્સ્ટ, જીઈ-આઈટીસી, ગ્લોબલ એનર્જી એન્ડ એનવાયર્ન અને ગૂગલ સામેલ છે. આ સિવાય એન્જિનિયરીંગ અને ટેકનોલોજી, આઈટી/સોફ્ટવેર, નાણા/બેંકિંગ, મેનેજમેન્ટ કન્સલ્ટિંગ, ડેટા સાયન્સ અને એનાલિટિક્સ, રિસર્ચ અને ડેવલપમેન્ટ અને ડિઝાઈનના ક્ષેત્રોમાં સૌથી વધુ ઓફર કરવામાં આવી છે. અન્ય કંપનીઓમાં હોન્ડા આરએન્ડડી, આઈસીઆઈસીઆઈ-લોમ્બાર્ડ, આઈડિયાફોર્જ, આઈએમસી ટ્રેડિંગ, ઈન્ટેલ, જગુઆર લેન્ડ રોવર, જેપી મોર્ગન ચેસ, જેએસડબ્લ્યૂ, કોટક સિક્યોરિટીસ, માર્શ મેક્લેનન, મહિન્દ્રા ગ્રૂપ, માઈક્રોન, માઈક્રોસોફ્ટ, મોર્ગન સ્ટેનલી, મર્સિડીસ-બેન્જ, એલએન્ડટી, એનકે સિક્યોરિટીસ, ઓએલએ, પીએન્ડજી, ક્વાલકોમ, રિલાયન્સ ગ્રૂપ, સેમસંગ, શલમ્બરગર, સ્ટ્રેન્ડ લાઈફ સાયન્સ, ટાટા ગ્રૂપ, ટેક્સાસ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, ટીએસએમસી, ટીવીએસ ગ્રૂપ અને વેલ્સ ફાર્ગો પણ સામેલ છે. સંસ્થાએ કહ્યુ કે વિદ્યાર્થીઓને જાપાન, તાઈવાન, દક્ષિણ કોરિયા, નેધરલેન્ડ, સિંગાપુર અને હોંગકોંગની કંપનીઓમાંથી ૬૩ આંતરરાષ્ટ્રીય ઓફર મળી છે. આઈઆઈટી બોમ્બેમાં પ્લેસમેન્ટ સીઝન ૨૦૨૩-૨૪નો પહેલો તબક્કો પૂર્ણ થઈ ગયો. જેમાં ૩૮૮ ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ ભાગ લીધો. જાહેર ક્ષેત્રના એકમો (પીએસયૂ) પણ સામેલ હતા.




કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે નવી દિલ્હીમાં ભારત જોડો ન્યાય યાત્રા માટે લોગો અને રાષ્ટ્રગીતના લોન્ચ દરમિયન પાર્ટીના નેતાઓ જયરામ રમેશ અને કેસી વેણુગોપાલ સાથે જોડાયા હતાં.

### બે લિકર કંપનીઓના ટ્રેડમાર્ક ઉલ્લંઘનનો વિવાદ

## ચીફ જસ્ટિસ સમક્ષ ૨ વ્હિસ્કીની બોટલો પ્રદર્શિત કરવામાં આવી

### વકીલ મુકુલ રોહતગીએ પ્રદર્શન હેતુઓ માટે કોર્ટમાં દારૂ દાખલ કરવાની અસામાન્ય વિનંતી બાદની ઘટના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ઘટનાઓના આશ્ચર્યજનક અને નાટકીય વળાંકમાં, ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ શુક્રવારે આશ્ચર્યચકિત થઈ ગયા હતા કારણ કે બે દારૂ કંપનીઓ વચ્ચે ટ્રેડમાર્ક ઉલ્લંઘન વિવાદની સુનાવણી દરમિયાન બે વ્હિસ્કીની બોટલો સ્પષ્ટપણે પ્રદર્શિત કરવામાં આવી હતી. સીજેઆઈ દ્રચુડની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશોની બેંચ, મધ્યપ્રદેશ હાઈકોર્ટના નિર્ણયને પડકારતી અપીલની સુનાવણીમાં સક્રિયપણે વ્યસ્ત હતી, જેણે દારૂની કંપની પરનોડ રિકાર્ડની અપીલને ફગાવી દીધી હતી. અપીલનો ઉદ્દેશ્ય ઈન્દોર સ્થિત જેકે એન્ટરપ્રાઈઝને લંડન પ્રાઈડ બ્રાન્ડ નામ હેઠળ આલ્કોહોલિક પીણાંના ઉત્પાદનથી રોકવાનો હતો. કાનૂની કાર્યવાહી શરૂ થતાં, વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ પ્રદર્શન હેતુઓ માટે કોર્ટમાં દારૂ દાખલ કરવાની અસામાન્ય વિનંતી કરી.

મંજૂરી મળ્યા પછી, રોહતગી બે વ્હિસ્કીની બોટલો લાવ્યા, જે ચાલી રહેલી કાનૂની દલીલો દરમિયાન એક અનોખી ચર્ચા શરૂ કરી. વ્હિસ્કીની બોટલોના અણધાર્યા પ્રદર્શનથી ચીફ જસ્ટિસ ચંદ્રચુડ હસી પડ્યા, જેમણે જસ્ટિસ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રા સાથે હાસ્યની એક ક્ષણ શેર કરી અને પૂછ્યું, શું તમે તમારી સાથે બોટલો લાવ્યા છો? વિચિત્ર પૂછપરછના જવાબમાં, રોહતગીએ સ્પષ્ટતા કરી કે તે બે વ્હિસ્કીની બોટલો વચ્ચે સમાનતા દર્શાવવાનો ઈરાદો ધરાવે છે અને આ ચોક્કસ કેસમાં ટ્રેડમાર્કનું ઉલ્લંઘન કેવી રીતે થયું તે અંગે વિસ્તૃત રીતે આગળ વધી શકાય.

### શખ્સ સામે યુએપીએ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો

## પાક. જવા પ્રયાસ કરનારાના જામીન સુપ્રીમ કોર્ટે રદ કર્યા

### દિલ્હી હાઈકોર્ટના નિર્ણય પર ટિપ્પણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવા મામલાઓને હળવાશથી ન લેવા જોઈએ

। નવી દિલ્હી, તા.૬ ।

હથિયારોની તાલીમ માટે એક વ્યક્તિ સરહદ પાર કરીને પાકિસ્તાન જવાની યોજના બનાવી રહ્યો હતો. તેની સામે ગેરકાનૂની પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટ એટલે કે યુએપીએ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. આરોપી વ્યક્તિને દિલ્હી હાઈકોર્ટે ડિફોલ્ટ જામીન આપ્યા હતા.

સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આ નિર્ણયને રદ કર્યો છે. ચુકાદો આપતી વખતે સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે આતંકવાદ સંબંધિત મામલાઓને હળવાશથી ન લઈ શકાય. દિલ્હી હાઈકોર્ટના નિર્ણય પર ટિપ્પણી કરતા સુપ્રીમ કોર્ટે પણ નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવા મામલાઓને અદાલતોએ હળવાશથી ન લેવા જોઈએ, કારણ કે આ આતંકવાદી ગતિવિધિઓ સાથે જોડાયેલા મામલા છે.

ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને ન્યાયમૂર્તિ રાજેશ બિંદલની બનેલી SC બેન્ચે જણાવ્યું હતું કે દિલ્હી હાઈકોર્ટે ટાડા કેસમાં સર્વોચ્ચ અદાલતના ૧૯૯૪ના ચુકાદા પર ખોટી રીતે આધાર રાખ્યો હતો અને યુએપીએ કેસમાં તેના ૨૦૧૯ના ચુકાદાની અવગણના કરી હતી. ૨૦૧૯ના આ નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે યુએપીએ કેસમાં તપાસ માટે વધુમાં વધુ ૧૮૦ દિવસનો સમય લઈ શકાય છે. હકીકતમાં, આરોપી, જેને દિલ્હી હાઈકોર્ટ દ્વારા ડિફોલ્ટ જામીન આપવામાં આવ્યા હતા, તેના પર આઈપીસી, યુએપીએ અને આર્મ્સ એક્ટની ઘણી જોગવાઈઓ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. દિલ્હી હાઈકોર્ટે આ કેસમાં તપાસ પૂર્ણ કરવામાં વિલંબના આધારે આરોપીને ડિફોલ્ટ જામીન આપ્યા હતા. ચુકાદો આપતી વખતે, સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું, વિચારવા જેવું બીજું પાસું એ છે કે ગુનો આતંકવાદી પ્રવૃત્તિઓની પ્રકૃતિનો છે. આ માત્ર ભારતને જ નહીં પરંતુ અન્ય દુશ્મન દેશોની અસર સાથે પણ જોડાયેલું છે. આ બાબતને આટલી હળવાશથી લેવી જોઈતી ન હતી.

**વિશેષ**

### જિલ્લા શિક્ષણાધિકારી એમ.સી. ભુસારાએ ઋષિકુમારોના પ્રયાસોને તપોમય સાધના તરીકે વર્ણવી અભિનંદન પાઠવ્યા

# વલસાડ જિલ્લાની પારડી સંસ્કૃત મહાવિદ્યાલય ગુજરાત કક્ષાની શાસ્ત્રીય જ્ઞાન સ્પર્ધામાં ત્રીજા ક્રમે વિજેતા





ગુજરાત કક્ષાની ૩૨ મી શાસ્ત્રીય જ્ઞાન સ્પર્ધામાં બ્રહ્મર્ષિ સાતવળેકર સંસ્કૃત મહાવિદ્યાલયે મોખરાનું ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી ગૌરવ પ્રાપ્ત કર્યું છે. વિવિધ શાસ્ત્રીય કસોટી, અમરકોશ, ગીતા, કાદંબરી, રામાયણ, વેદાંત શ્લોક કંઠ પાઠ, સંસ્કૃત અંત્યાક્ષરીમાં અગ્રસિદ્ધિ પ્રાપ્ત કરનાર ૧૯ ઋષિકુમારોના તપોમય અભ્યાસને અભિનંદવાનો તપોવંદના કાર્યક્રમ સ્વાધ્યાય મંડળ ખાતે યોજાયો હતો.

કાર્યક્રમના અતિથિવિશેષ અગ્રણી સમાજસેવી મહેશભાઈ પંડ્યાએ દસ વર્ષના ટૂંકા ગાળામાં પ્રાપ્ત કરેલી વિદ્યાલયની સિદ્ધિને પ્રશંસી ઋષિકુમારોના ઉજ્જ્વળ ભાવિ માટે શુભેચ્છા સેવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી મણિલાલ ભુસારાએ પોતાના આશ્રમશાળાના સંસ્મરણ સંદર્ભે પાઠશાળાની જીવનલક્ષી કેળવણી અંગે અહોભાવ દર્શાવી ઋષિકુમારોના પ્રયાસોને તપોમય સાધના તરીકે વર્ણવી અભિનંદન પાઠવતા સ્વાધ્યાય મંડળની સંસ્કૃતમય સંસ્કારલક્ષી પ્રવૃત્તિ માટે આશાવાદ વ્યક્ત કર્યો હતો.

ઋષિકુમારોની વૈદિક તેજસ્વી સાધનાથી અભિભૂત પાક ઈરાનશાહ આતશ બહેરામ ,ઉદવાડાના વડા શ્રી દસ્તુરજી ખુરશેદ દસ્તુરે મનોભાવ વ્યક્ત કરતા કહ્યું હતું કે, આજે હું વાસ્તવમાં ઋષિકુમારોના આશિષ લેવા આવ્યો છું. નટખટ વિદ્યાર્થી જીવનને યાદ કરી એમણે ગુરુજનોના પાવન સાનિધ્યમાં ખરેખરું શિક્ષણ પ્રાપ્ત થતું હોવાનો વિશ્વાસ દર્શાવ્યો હતો. ગીતા અને અવસ્તા જેવા ગ્રંથોમાંથી આપણને અગ્નિ તત્વની ઉપાસનાનો બોધ મળે છે. સંસ્કૃત ભાષા ન હોત તો અમારા પારસી સમુદાયનું તત્વજ્ઞાન આજે વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરી શકાયું ન હોત. માતૃભૂમિની વંદના અને કર્તવ્ય પ્રત્યેની સભાનતા કેળવાય એ જ શિક્ષણનો ઉદ્દેશ હોવો જોઈએ. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના આ દિશામાં સર્વોત્તમ પ્રયાસોને સફળતા મળે એવી પાક ઈરાન શાહને લાખ લાખ દુવા છે.

આ પ્રસંગે સુવર્ણ, રજત અને કાંસ્ય પદક મેળવનાર તેજસ્વી ઋષિકુમારોનું મહાનુભાવોના હસ્તે પુસ્તક, ધોતી અને દક્ષિણા અર્પણ કરી અભિવાદન કરાયું હતું. ઋષિકુમારોએ સ્પર્ધામાં કરેલ ઝળહળતા દેખાવ અંગેનું વિડીયો - નિદર્શન નિહાળી સૌ મંત્રમુગ્ધ થયા હતા.

કાર્યક્રમના આરંભે રાજ્યકક્ષાની આ સ્પર્ધાની વિશેષતા સંદર્ભે તલસ્પર્શી માહિતી આપતા મેહુલભાઈ ગુરુજીએ ઋષિકુમારોની નેત્રદીપક સફળતા પાછળના સઘન પ્રયાસો વર્ણવી ભાવિમાં સૌના આશિષ, શુભેચ્છા અને અધિક પ્રયાસોથી પ્રથમ ક્રમાંકની સિદ્ધિ પ્રાપ્તિ અંગે અથાક પ્રયત્નો અંગે સધિયારો આપ્યો હતો.

સંસ્થાના મહામંત્રી રાજેશભાઈ રાણાએ ધન્યવાદ અર્પી બહોળી સંખ્યામાં પધારેલ ભાવક શ્રોતાજનોનો ઋણ સ્વીકાર કર્યો હતો. માતૃભૂમિની વંદના કરતી સંસ્કૃત પ્રાર્થના ''નમસ્તે સદા વત્સલે માતૃભૂમે ''નું હૃદયંગમ સ્તવન કરી તપોવંદનાનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ ભાવપૂર્ણ કાર્યક્રમનું લાક્ષણિક સંચાલન પરેશભાઈ ગુરુજીએ કર્યું હતું.

## સુરતમાંથી પકડાયુ નકલી આધારનું મસમોટું રેકેટ

# ૫૦૦૦માં નકલી આધાર કાર્ડ બનાવી આપતા શખ્સની ધરપકડ

### ધરપકડ કરાયેલા આરોપીનું નામ ભૂપેન્દ્ર તિવારી છે અને શહેરમાં પાલગરબા સીએસસી સેન્ટર ચલાવી રહ્યો હતો

| સુરત, તા.૬ |

સુરતમાં એક મસમોટું કૌભાંડ સામે આવ્યુ છે, સુરતમાં ફરી એકવાર નકલીનો કિસ્સો સામે આવ્યો છે. હાલમાં જ મળતી માહિતી પ્રમાણે, ઉત્રાણ પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે, જેના નકલી આધાર કાર્ડ કાઢી આપીને બાંગ્લાદેશીઓને ભારતમાં ઘૂસાડવામાં મદદ કરતો હોવાનો આરોપ છે. ધરપકડ કરાયેલા આરોપીનું નામ ભૂપેન્દ્ર તિવારી છે અને શહેરમાં પાલગરબા સીએસસી સેન્ટર ચલાવી રહ્યો હતો. હાલ પોલીસ આ સમગ્ર મામલે પુછપરછ કરી રહી છે. મળતી માહિતી પ્રમાણે, શહેરમાં વધુ એક ચોંકાવનારુ કૌભાંડ સામે આવ્યુ છે. ભારતમાં દિવસ દિવસે બાંગ્લાદેશીઓની ગેરકાયદે ઘૂસણખોરી વધી રહી છે, સુરતમાં એક શખ્સે લગભગ ૫૦૦૦ રૂપિયામાં નકલી આધાર કાર્ડ બનાવી આપીને આ ગુનામાં વધારો કર્યો છે. સુરતમાં માત્ર ૫૦૦૦માં બાંગ્લાદેશીને આધાર કાર્ડ બનાવી આપનારા શખ્સ ભૂપેન્દ્ર તિવારીની પોલીસ ધરપકડ કરી છે. ઉત્રાણ પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ પૂછપરછ હાથ ધરી છે. ભૂપેન્દ્ર તિવારી પાલગરબા સીએસસી સેન્ટર ચલાવતો હતો. આ પહેલા આ મામલે સુરત પીસીબી અને એસઓજીની ટીમે ૯ બાંગ્લાદેશીઓની ધરપકડ કરી હતી, જે આરોપીઓની પૂછપરછમાં આ આરોપી ભૂપેન્દ્ર તિવારીનું નામ ખુલ્યુ હતુ. ભુપેન્દ્ર તિવારીનું નામ સામે આવતા તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. આરોપી પાલઘરના સીએસસી સેન્ટરનો સંચાલક છે, અને છેલ્લા કેટલાય સમયથી આ ગુનાને અંજામ આપી રહ્યો છે. પીસીબી અને એસઓજીએ સમગ્ર રેકેટનો પર્દાફાશ કર્યો છે, એટલુ જ નહીં અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં તેના વિરૂદ્ધમાં ગુના દાખલ કરવામાં આવ્યા છે. જે પૈકી ઉત્રાણ પોલીસ મથકમાં દાખલ થયેલા ગુનામાં આ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ખાસ વાત છે કે, કેટલાય બાંગ્લાદેશીઓ ગેરકાયદે ભારતમાં ઘૂસી રહ્યાં હોવાનું પણ ચર્ચાઇ રહ્યું છે. આ બાંગ્લાદેશીઓ પૈકી એક બાંગ્લાદેશી જેનુ નામ બહાદુર રફીક ખાન છે, તેની પણ ઉત્રાણ પોલીસે પૂછપરછ કરી હતી, તેમાં પણ આરોપી ભૂપેન્દ્ર તિવારીનું નામ સામે આવ્યુ હતુ. બહાદુર ખાન એક એજન્ટને ૨૦,૦૦૦ની બાંગ્લાદેશી કરન્સી ટાકા ચૂકવીને ભારતમાં ઘૂસ્યો હતો. હાલમાં બહાદુર કડિયા કામ કરી રહ્યો છે. બહાદુરે પાલઘરમાં સીએસસી સેન્ટર ચલાવતા ભૂપેન્દ્ર અમરનાથ તિવારીને ૫,૦૦૦ આપીને બૉગસ આધારકાર્ડ બનાવડાવ્યુ હતું, જે આરોપીની પણ ધરપકડ કરી વધુ પૂછપરછ ઉત્રાણ પોલીસે હાથ ધરી છે.

## નવસારી નજીક કચ્છ એક્સપ્રેસમાંથી ઝડપાયો વિદેશી દારૂ

| નવસારી, તા.૬ |

દારૂની હેરાફેરી બુટલેગરો કેવા કિમયા કરે છે તેનો આજે કચ્ચ એક્સપ્રેસમાં પર્દાફાશ થયો. અહીં એક શખ્સ શરીરમાં દારૂની બોટલ બાંધેલી સ્થિતિમાં દારૂ સાથે ઝડપાયો. નવસારી નજીક કચ્છ એક્સપ્રેસમાંથી વિદેશી દારૂ ઝડપાયો છે. દારૂની હેરાફેરી માટે નવા કીમિયોનો નવસારીમાં પર્દાફાશ થયો છે. અહીં એક શખ્સ શરીર પર બોટલો બાંધી દારૂની હેરાફેરી કરતાં જોવા મળ્યો. આ શખ્સ પાસેથી સંખ્યાબંધ વિદેશી દારૂની બોટલો મળી આવી છે. નવસારી રેલવે પોલીસે દારુની બોટલ જપ્ત કરીને ૪ લોકોની અટકાયત કરી છે. આ આરોપીમાં ત્રણ મહિલા અને એક દિવ્યાંગ યુવાનનો સમાવેશ થાય છે. ચૌકાવનારી બાબત છે કે, સગીર વયના છ બાળકો પણ દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા છે. આ પહેલા પંચમહાલના હાલોલનાં કંજરી ચોકડી પાસેથી જીસ્ઝની ટીમે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો, બોલેરો ગાડીમાંથી ૯ લાખ રૂપિયા ઉપરાંતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જીસ્ઝ ટીમે ચોક્ક્સ બાતમી નાં આધારે વડોદરા પાર્સિંગની બંધ બોડીની મહિન્દ્રા બોલેરો ગાડીમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૨૪૬ નંગ પેટીઓ સાથે નિલેશ ગોહીલ નામના વ્યકતિ ની અટકાયત કરી હતી,બોલેરો ગાડી એક્ટિવા સહિત ૧૨ લાખ ઉપરાંત નો મુદ્દામાલ કબ્જે લઈ ઝડપાયેલા ઈસમ વિરુધ કાર્યવાહી હાથ ધરી છે. આ પહેલા ૨ દિવસ અગાઉ સુરેન્દ્રનગરના ઝિંઝુવાડા પોલીસના પી એસ આઈ જાલમસિંહ નામના આરોપીને પકડીને આવતી હતી, જાલમસિંહ નામના આરોપી સામે લુંટ દારૂ મારામારી સહિતના અનેક ગુના નોંધાઈ ચૂક્યા છે.દારૂના કેસમાં છેલ્લા ઘણા સમયથી તે વોન્ટેડ હતો. પાટડીના જેનાં બાદ ગામેથી આરોપીને પકડી પોલીસ ઝીંઝુવાડા લાવતી હતી,ઝીંઝુવાડા ગામના ચોકમાં આરોપીના સાગરીતે કર્યો પોલીસ પર હુમલો કર્યો હતો. પોલીસ પર હુમલો કરી આરોપી છોડાવી ગયા હતા. આ ઘટનામાં એક પી એસ આઈ અને અન્ય પોલીસ કોસ્ટબલ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

## લોકોમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું છે

# દ્વારકા જિલ્લામાં હાર્ટ એટેકથી વધુ એક જિંદગી થંભી ગઇ

### નરેન્દ્ર કેશવગર ગોસાઈ નામના ૪૫ વર્ષીય વ્યકિતનું હાર્ટ એટેકથી મોત થતાં પરિવારજનો શોકમગ્ન બની ગયા

| અમદાવાદ, તા.૬ |

રાજ્યમાં નાની વયના લોકોમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું છે. કોરોના બાદ હાર્ટ એટેક આવવાના બનાવો ચોંકાવનારી રીતે વધી રહ્યા છે. જો કે મેડિકલ સાયન્સ કે આરોગ્ય વિભાગ હાર્ટ એટેક વધવાને અને કોરોના સાથે સાંકળતું નથી તેમ છતાં એ હકિકત છે કે કોરોના કાળ પછી હૃદય સંબંધી બીમારીઓ પણ વધી છે. દ્વારકા જિલ્લામાં હાર્ટ એટેકથી વધુ એક જિંદગી થંભી ગઈ હતી. લલુકા ગામના ૪૫ વર્ષીય પુરુષ ને અચાનક છાતીમાં દુખાવા સાથે હાર્ટ એટેક આવતા મૃત્યુ નીપજ્યું હતું. નરેન્દ્ર કેશવગર ગોસાઈ નામના ૪૫ વર્ષીય વ્યકિતનું હાર્ટ એટેકથી મોત થતાં પરિવારજનો શોકમગ્ન બની ગયા હતા. ૧૦૮ ઈમરજન્સીના આંકડા મુજબ, રાજ્યમાં દર સાત મિનિટે એક વ્યક્તિ હૃદયરોગનો ભોગ બની રહ્યો છે. વર્ષ ૨૦૨૩માં રાજ્યમાં હૃદયરોગના કુલ મળીને ૭૨૫૭૩ કેસો નોંધાયા હતાં. ચિંતાની વાત એછેકે, અમદાવાદ જેવી મેટ્રોસિટીમાં હૃદયરોગના કેસો વધી રહ્યા છે. ગુજરાતમાં હૃદયરોગીઓ વધી રહ્યા છે. હાલ યુવાનો હાર્ટએકેટનો ભોગ બની રહ્યા છે ત્યારે એવા ચોંકાવનારા આંકડા સામે આવ્યા છેકે, ગુજરાતમાં કેસોની દ્રષ્ટિએ અમદાવાદમાં સૌથી વધુ હૃદયરોગના કેસો નોંધાયા છે. વર્ષ ૨૦૨૩માં અમદાવાદમાં કુલ ૨૧,૪૯૬ હૃદયરોગના કેસો નોંધાયા છે. અમદાવાદમાં હૃદયરોગના દર્દીઓમાં ૨૮ ટકાનો વધારો જોવા મળ્યો છે. આ તરફ, સુરતમાં ૫૪૦૮, રાજકોટમાં ૪૯૧૦, ભાવનગરમાં ૩૭૩૯ અને વડોદરામાં ૩૬૧૮ કેસો નોંધાયા છે. ટકાવારી દ્રષ્ટિએ જોઈએ તો, સુરતમાં ૩૧ ટકા, રાજકોટમાં ૪૨ ટકા, ભાવનગરમાં ૨૧ ટકા અને વડોદરામાં ૨૮ ટકાનો વધારો જોવા મળ્યો છે. એકસપર્ટનું કહેવું છે કે, લોકોની જીવનશૈલી બદલાઈ છે. આ ઉપરાંત ફાસ્ટફુડનું ચલણ વધ્યુ છે.

## ૨૦૧૭માં ઊંટડીના દૂધનું સંગ્રહ શરૂ કર્યું

# કચ્છના ઊંટડીના દૂધને ઓર્ગેનિક સર્ટિફિકેશનની માન્યતા અપાઈ

| કચ્છ, તા.૬ |

ઊંટડીના દૂધને તેના સ્વાસ્થય લાભોને ધ્યાનમાં રાખીને સફેદ સોનું કહેવામાં આવે છે. 'ભારતમાં સૌ પ્રથમ વખત ઊંટ મિલ્ક ઓર્ગેનિક સર્ટિફિકેટ સરહદ ડેરીને મળ્યું છે, જે સમગ્ર કચ્છ માટે ગૌરવની ક્ષણ છે. ઊંટડીના દૂધને તેના સ્વાસ્થય લાભોને ધ્યાનમાં રાખીને સફેદ સોનું કહેવામાં આવે છે. ચાંદ્રાણી સ્થિત સરહદ ડેરી ના કેટલ ફીડ પ્લાન્ટ ખાતે 'રાજસ્થાન રાજ્ય બીજ અને ઓર્ગેનિક સર્ટીફિકેશનએજન્સી' GCMMFના ચીફ સર્ટિફિકેશનઓફિસર રાજેન્દ્ર નૈનાવત દ્વારા રૂબરૂ કેમલ મિલ્ક ઓર્ગેનિક તરીકેનું પ્રમાણિત સર્ટિફિકેટ અમૂલના વાઈસ ચેરમેન તથા સરહદ ડેરી ના ચેરમેન વલમજીભાઈ હુંબલ ને આપવામાં આવ્યું. જે સમગ્ર ભારતમાં પ્રથમ વખત કચ્છની સરહદ ડેરીને મળ્યું છે જે સમગ્ર કચ્છ માટે ગૌરવ ની વાત છે. વર્ષ ૨૦૧૩ માં, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઊંટના દૂધ અને ઊંટ સંવર્ધકોના જીવન ઉત્થાન પર કામ કરવાનું સૂચન કર્યું તેથી સરહદ ડેરીએ ઊંટના દૂધ પર કામ કરવાનું શરૂ કર્યું અને વર્ષ ૨૦૧૭ માં ઊંટડીના દૂધનું સંગ્રહ શરૂ કર્યું. ૨૦૧૯ માં ભારતનો પ્રથમ ઉંટ મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ લાખોંદ ખાતે શરૂ કરેલ. સરહદ ડેરીએ ૨૦૧૭થી ૧.રાપર ચિલિંગ સેન્ટર ૨.નખત્રાણા ચિલિંગ સેન્ટર ખાતે માત્ર ૩૦૦ લિટર/દિવસ સાથે સંગ્રહ શરૂ કર્યો, જે હાલમાં ઊંટડીનું દૂધ ૩૫૦૦ -૪૦૦૦ લિટર પ્રતિ દિવસ પ્રમાણે -રાપર, નખત્રાણા, રાજપર, કોટડા આથમણા, દયાપર ખાતે એકત્રીકરણ કરવામાં આવે છે. ઊંટડીના દૂધના ઔષકીય ગુણધર્મો જેમ કે ઊંટડીના દૂધમાં મોટા પ્રમાણમાં ઈન્સ્યુલિન, વિટામિન 'સી' હોવાથી તથા ઓછા ફેટ ના કારણે ઊંટડીના દૂધ નું સેવન કરવાથી બ્લડપ્રેશર, ટી.બી, કેન્સર, પેટના દર્દો માટે ખુબજ ફાયદા કારક છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨